


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 166
Dt.: 22-04-2026,
Wednesday
Page:04
Rs.00.50 paisa


## હવે દીદીને હટાવવાનો સમય આવી ગયો છે: પશ્ચિમ બંગાળની રેલીમાં અમિત શાહનો હુંકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)પશ્ચિમ બંગાળ

પશ્ચિમ બંગાળમાં ચૂંટણીના માહોલે જોર પકડ્યું છે. દાર્જિલિંગ બાદ હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના કુલ્ટી વિધાનસભા વિસ્તારમાં જનસભા સંબોધી મમતા બેનર્જી સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે, એક સમયે કુલ્ટી દેશમાં લોખંડના ખનિજ ઉત્પાદનનું મોટું કેન્દ્ર હતું, પણ હાલની સરકારની નીતિઓના કારણે આ વિસ્તાર હવે બંધ થવાની કગાર પર પહોંચી ગયો છે. અમિત શાહે આરોપ લગાવ્યો કે, રાજ્યમાં ઔદ્યોગિક વિકાસની અવગણના થઈ છે, જેના કારણે અનેક પરંપરાગત ઉદ્યોગો પર સંકટ છવાઈ ગયું છે. તેમણે કહ્યું કે, જો યોગ્ય નીતિઓ અપનાવવામાં આવી હોત, તો આજે પણ કુલ્ટી જેવા વિસ્તારો દેશની અર્થવ્યવસ્થામાં મહત્વની ભૂમિકા ભજવી શક્યા હોત. દાર્જિલિંગમાં યોજાયેલી જનસભામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યની રાજકીય સ્થિતિ પર આકરું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, હવે રાજ્યમાં પરિવર્તનની માંગ વધી રહી છે અને જનતા પરિવર્તન તરફ વિચાર કરી રહી છે. અમિત શાહે ગોરખા સમુદાયના મુદ્દાઓ પર પણ મોટો રાજકીય સંદેશ આપ્યો. તેમણે કહ્યું કે, જો રાજ્યમાં ભાજપની સરકાર બનશે, તો ગોરખા બહેનો અને ભાઈઓની વર્ષોથી ચાલી રહેલી સમસ્યાઓને પ્રાથમિકતા આપીને ઉકેલવામાં આવશે. અમિત શાહે દાવો કર્યો કે, ભાજપ સરકાર બન્યા પછી છ મહિનાની અંદર ગોરખા સમુદાયની જૂની સમસ્યાઓના ઉકેલ માટે ઠોસ પગલાં લેવામાં આવશે, જેથી લોકોના જીવનમાં સંતોષ અને સ્થિરતા આવી શકે. અમિત શાહે કહ્યું કે, કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ (TMC) બંને પર ગોરખા સમુદાય અને દાર્જિલિંગ વિસ્તારની અવગણના કરવાનો આરોપ રહ્યો છે. શાહના જણાવ્યા અનુસાર, આ સમસ્યાઓનો ઉકેલ ભાજપ પોતાની સરકાર બન્યા પછી નિર્ધારિત સમયમર્યાદામાં લાવવાનો પ્રયાસ કરશે. ઉત્તર બંગાળના લોકોને સંબોધતા તેમણે અપીલ કરી કે, એક વખત ભાજપને મોકો આપો, જેથી વિકાસ અને સમાધાનની પ્રક્રિયા આગળ વધી શકે. તેમણે કહ્યું કે, "ઉત્તર બંગાળના લોકો, એક વાર ભાજપ સરકાર બનાવી દો. ત્રણ ચૂંટણીથી દાર્જિલિંગ તો કમળ પર મત આપી રહ્યું છે, પણ આ વખતે આખું બંગાળ નક્કી કરી ચૂક્યું છે કે દીદીને હટાવવાનો સમય આવી ગયો છે."

અમિત શાહે પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનર્જી સરકાર પર મોટો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે, રાજ્યમાં બજેટ ફાળવણીમાં ભેદભાવ કરવામાં આવે છે. અમિત શાહે જણાવ્યું કે, તૃણમૂલ સરકારે ઉત્તર બંગાળ, આદિવાસી અને પર્વતીય વિસ્તારો માટે લગભગ ૨૦૦૦ કરોડ રૂપિયાનો ફાળો આપ્યો છે, જ્યારે મદરસા અને અલ્પસંખ્યક વિસ્તારો માટે ૫૮૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે. તેમણે આને અન્યાયપૂર્ણ ગણાવ્યું અને કહ્યું કે, હવે ઉત્તર બંગાળ અને ગોરખા સમુદાય સાથે ન્યાયની શરૂઆત થશે. શાહે આરોપ મૂક્યો કે, મમતા બેનર્જીના શાસનમાં અનેક મહિલાઓ પર અત્યાચારની ઘટનાઓ સામે આવી છે. ખાસ કરીને સંદેશખાલી કેસનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે, આવી ઘટનાઓએ આખા બંગાળને શરમાવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, બંગાળમાં ગુનો કરનાર દરેકને કાયદાના દાયરામાં લાવવામાં આવશે અને ભાજપ સરકાર બન્યા પછી આવા કેસોમાં કડક કાર્યવાહી થશે.



હોર્મુઝમાં સૈન્ય તણાવ અને જહાજોની જપ્તી

## અમેરિકા-ઈરાનમાં શાંતિ મંત્રણા નિષ્ફળ જવાની આશંકાથી દુનિયામાં ફફડાટ

**આ ખેંચતાણ વચ્ચે બંને દેશોમાં અવિશ્વાસ એટલો ઊંડો છે કે ઈરાન હવે અમેરિકા સાથેના કોઈપણ કરારને વ્યર્થ માની રહ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે સમજૂતીના બીજા પ્રયાસો હવે મોટા રાજદ્વારી ટકરાવ તરફ આગળ વધી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની 'દબાણની કૂટનીતિ' અને ઈરાનની લાંબુ ખેંચવાની 'લોન્ગ ગેમ' વ્યૂહનીતિ સામસામે આવી ગઈ છે. ટ્રમ્પ ઈચ્છે છે કે ઈરાન તરત જ શરણાગતિ સ્વીકારે અને મોટા નિર્ણયો લે, જ્યારે ઈરાની નેતૃત્વ આ પ્રક્રિયાને સમય આપીને ધીમી પાડવા માંગે છે. આ ખેંચતાણ વચ્ચે બંને દેશોમાં અવિશ્વાસ એટલો ઊંડો છે કે ઈરાન હવે અમેરિકા સાથેના કોઈપણ કરારને વ્યર્થ માની રહ્યું છે.

રાજદ્વારી મડાગાંઠની સાથે દરિયાઈ સીમા પર પણ યુદ્ધની સ્થિતિ સર્જાઈ રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાની નૌસેના દ્વારા માલવાહક જહાજો પર ફાયરિંગ અને અમેરિકન નૌસેના દ્વારા એક ઈરાની કન્ટેનર જહાજને જપ્ત કરવાની ઘટનાએ યુદ્ધના જોખમને વાસ્તવિક બનાવી દીધું છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ખુલ્લી ચેતવણી આપી છે કે જો ઈરાન સમજૂતી માટે તૈયાર નહીં થાય, તો અમેરિકા તેના દરેક પાવર પ્લાન્ટ અને પુલને નષ્ટ કરી દેશે. આ નિવેદન ટ્રમ્પની 'નો મોર મિસ્ટર નાઈસ ગાય'ની કડક છબીને સ્પષ્ટ કરે છે.

અમેરિકન ઉપપ્રમુખ જેડી વેન્સ સંભવિત મંત્રણા માટે ઈસ્લામાબાદ રવાના થવાના છે, પરંતુ નિષ્ણાતો માની રહ્યા છે કે આ વાટાઘાટો સફળ થવી મુશ્કેલ છે. જો આ મંત્રણા નિષ્ફળ જશે, તો એવી આશંકા છે કે ઈરાન તેનો પરમાણુ કાર્યક્રમ વધુ તેજ કરી શકે છે. ટ્રમ્પનો દાવો છે કે તેમનો નવો સોદો ૨૦૧૫ના કરાર કરતા ઘણો સારો હશે,

જેને તેઓ પરમાણુ હથિયાર મેળવવાનો રસ્તો ગણાવતા આવ્યા છે. જોકે, ઈરાનના મક્કમ વલણ સામે ટ્રમ્પની ટીમ માટે આ વ્યૂહનીતિ સફળ બનાવવી એક મોટો પડકાર છે.

## જાપાને ફાઈટર જેટ સહિત ઘાતક શસ્ત્રોના નિકાસ પરનો હટાવ્યો પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યુદ્ધોએ વિશ્વભરના ઘણા દેશોને તબાહ કર્યા છે. જ્યારે આ યુદ્ધો ઘણા લોકો માટે વિનાશ લાવે છે. ત્યારે તે અન્ય લોકો માટે પણ નફાકારક સાબિત થાય છે. યુનાઈટેડ સ્ટેટ્સ, રશિયા અને ચીન જેવી મુખ્ય વિશ્વ શક્તિઓ વિશ્વભરમાં ચાલી રહેલા સંઘર્ષોમાં તેમના શસ્ત્રો વેચીને મોટો નફો મેળવે છે. હવે, બીજો ખેલાડી આ શસ્ત્ર બજારમાં પ્રવેશવાનો છે. જાપાનના વડા પ્રધાન સના તાકાચીના મંત્રીમંડળે બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનના બંધારણમાં મોટો ફેરફાર કર્યો છે, જેમાં ફાઈટર જેટ સહિત ઘાતક શસ્ત્રોના નિકાસ પરનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો છે. તાકાઈચીએ જણાવ્યું હતું કે, આ ફેરફાર સાથે, તમામ સંરક્ષણ સાધનોનું ટ્રાન્સફર વર્ચ્યુઅલ રીતે શક્ય બનશે, અને ઉમેર્યું હતું કે ફક્ત તે દેશો જ તે પ્રાપ્ત કરશે જે યુએન ચાર્ટર અનુસાર સાધનોનો ઉપયોગ કરવાનું વચન આપે છે. તાકાઈચીએ કહ્યું કે, વધુને વધુ ગંભીર સુરક્ષા વાતાવરણમાં, કોઈ એક દેશ એકલા તેની શાંતિ અને સુરક્ષાનું રક્ષણ કરી શકશે નહીં. જાપાનના ચુનીચી અખબારે અહેવાલ આપ્યો છે કે, આ ફેરફારો હેઠળ, ઓછામાં ઓછા ૧૭ દેશો જાપાની બનાવટના શસ્ત્રો ખરીદવા માટે પાત્ર બનશે, ઉમેર્યું હતું કે જો વધુ દેશો જાપાન સાથે દ્વિપક્ષીય કરાર કરે તો આ સૂચિનો વિસ્તાર કરી શકાય છે. ૧૯૬૭ માં રજૂ કરાયેલા અને ૧૯૭૬ માં લાગુ કરાયેલા અગાઉના નિયમો હેઠળ, જાપાની લશ્કરી નિકાસ બિન-ઘાતક શસ્ત્રો સુધી મર્યાદિત હતી, જેમ કે દેખરેખ અને ખાણ સાફ કરવા માટે ઉપયોગમાં લેવાતા શસ્ત્રો, જાપાનના અસાહી અખબારે અહેવાલ આપ્યો છે.

વેપારીઓ અને સામાન્ય જનતામાં ભારે રોષ

## બાલેન શાહના આદેશના કારણે ભારત-નેપાળ બોર્ડર પર વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને નેપાળ વચ્ચેના વર્ષો જૂના રોટી-બેટીના સંબંધોમાં અત્યારે કડવાશ જોવા મળી રહી છે. નેપાળની નવયુવાન સરકાર અને બાલેન શાહના નેતૃત્વવાળી ટીમે સરહદ પર કસ્ટમ નિયમો અત્યંત કડક બનાવતા રક્સૌલ-બીરગંજ બોર્ડર પર ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે.

નેપાળ સરકારે ભન્સાર મહેસૂલ અધિનિયમ ૨૦૮૧ હેઠળ જાહેરાત કરી છે કે, હવે ભારતથી નેપાળમાં પ્રવેશતી વખતે રૂ.૧૦૦ થી વધુની કિંમતનો સામાન લાવનાર વ્યક્તિએ કસ્ટમ ડ્યુટી (ભન્સાર શુલ્ક) ચૂકવવો પડશે.

બીરગંજ સરહદ પર આર્મ્ડ પોલીસ ફોર્સ (APF) દ્વારા માઈકિંગ કરીને આ અંગે સતત ચેતવણી આપવામાં આવી રહી છે. સામાન્ય જનતા અને મહિલાઓના બજેટ પર ફટકો પડી રહ્યો છે. નેપાળના સરહદી વિસ્તારોમાં રહેતા લોકો, ખાસ કરીને મહિલાઓ, ઘરવખરીનો સામાન ખરીદવા માટે બિહારના સરહદી શહેરોમાં આવતા હતા. નેપાળમાં મોંઘવારી વધારે હોવાથી લોકો બિહારથી સસ્તો સામાન ખરીદતા હતા. હવે APF ના જવાનો દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે, જેના કારણે સામાન્ય નાગરિકો અને સુરક્ષાકર્મીઓ વચ્ચે ઘર્ષણની ઘટનાઓ વધી છે.

આ કડક નિયમ સામે જન અધિકાર પાર્ટી અને અન્ય સંગઠનોએ વિરોધ શરૂ કર્યો છે. પાર્ટી અધ્યક્ષ ડો. શરદ સિંહ યાદવના નેતૃત્વમાં શંકરાચાર્ય ગેટ અને વીરગંજ બોર્ડર પર જોરદાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિરોધ પક્ષોનું કહેવું છે કે, મહેસૂલના નામે સાંસ્કૃતિક સંબંધોને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. આને મધેશ ક્ષેત્ર માટે અઘોષિત નાકાબંધી ગણાવાઈ રહી છે.

માત્ર જનતા જ નહીં, પરંતુ નેપાળના સત્તા પક્ષમાં પણ આ નીતિનો વિરોધ શરૂ થયો છે. રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના સાંસદોએ વડાપ્રધાન બાલેન શાહ અને ગૃહમંત્રી પાસે આ નીતિ પર પુનર્વિચાર કરવાની માંગ કરી છે. કાઠમાંડુમાં પણ આ ટેક્સ નીતિ સામે દેખાવો થઈ રહ્યા છે. વધતા તણાવને જોઈને મધેશ પ્રદેશના પોલીસ પ્રમુખ DIG ગોવિંદ થપલિયાએ પોલીસને સૂચના આપી છે કે ઘરેલું સામાન લાવતા નાગરિકોને બિનજરૂરી પરેશાન ન કરવા અને સંવેદનશીલતા રાખવી. બીરગંજ ઉદ્યોગ વાણિજ્ય સંઘના ઉપાધ્યક્ષ માધવ રાજપાલનું માનવું છે કે શરૂઆતમાં તકલીફ પડશે, પરંતુ લાંબા ગાળે આનાથી નેપાળના સ્થાનિક વેપારને ફાયદો થશે. સરકાર આ પગલાને સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટેનું પગલું ગણાવી રહી છે, પરંતુ સરહદી વિસ્તારોમાં આ આર્થિક અને માનસિક તણાવનું કારણ બની રહ્યું છે.

સોવિયેત-અફઘાન યુદ્ધ વખતે પાક.ને અમેરિકાએ અબજો ડોલરની સહાય કરી હતી

## ઈરાન યુદ્ધથી આર્થિક લાભ મેળવવાની પાકિસ્તાનની આશા ઠગારી નિવડી

**૨૪ ડિસેમ્બર, ૧૯૭૯માં શરૂ થયેલાં સોવિયેત-અફઘાન યુદ્ધ વખતે અમેરિકાએ પાકિસ્તાનને પહેલાં ૪૦૦ મિલિયન ડોલરની ઓફર કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લાલો લાભ વગર ના લોટે..એ કહેવત પાકિસ્તાનને બરોબર બંધ બેસે છે. આજથી આશરે ચાર દાયકા અગાઉ સોવિયેત સંઘે અફઘાનિસ્તાન પર કરેલાં આક્રમણ દરમિયાન સોવિયેત સેના સામે લડવા અમેરિકાને પોતાના પ્રદેશો આપી પાકિસ્તાને અમેરિકા પાસેથી જંગી આર્થિક સહાય મેળવી હતી. હાલમાં ચાલી રહેલાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં શાંતિદૂતની ભૂમિકા ભજવી રહેલા અને લગભગ નાદારીની અવસ્થામાં પહોંચેલાં પાકિસ્તાનને આ વખતે પણ આવી જ ખેરાતની આશા હતી. જોકે આ વખતે તેને આવો કોઈ લાભ નહીં થતાં પાકિસ્તાની પ્રજામાં શરીફ સરકાર વિરુદ્ધ ભારે આક્રોશ જોવાઈ રહ્યો છે. ૨૪ ડિસેમ્બર, ૧૯૭૯માં શરૂ થયેલાં સોવિયેત-અફઘાન યુદ્ધ વખતે અમેરિકાએ પાકિસ્તાનને પહેલાં ૪૦૦ મિલિયન ડોલરની ઓફર કરી હતી. જોકે તત્કાલિન પાકિસ્તાની રાષ્ટ્રપતિ ઝીયા-ઉલ-હકે તેને અત્યંત નજીવી રકમ ગણાવી તે લેવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ ૧૯૮૧માં બંને દેશો છ વર્ષ માટે ૩.૨ અબજ ડોલરની સૈન્ય અને આર્થિક સહાય માટે સહમત થયાં હતાં. ૧૯૮૮-૯૩ના બીજા તબક્કા દરમિયાન બંને દેશો વચ્ચે ૪-૪.૨ અબજ ડોલરના સહાય પેકેજ અંગે સમજૂતી થઈ હતી. આ દરમિયાન સાઉદી અરેબિયાએ પણ ૬-૮ અબજ ડોલરની તથા સંયુક્ત રાષ્ટ્રે અફઘાન શરણાર્થીઓ માટે ૩-૫ અબજ ડોલરની સહાય પૂરી પાડી હતી. વિશ્વ બેન્કે તથા આઈએમએફે પણ પાકિસ્તાનને નીચા દરે ધિરાણ આપવા ઉપરાંત વિવિધ પ્રોગામમાં સહાય પૂરી પાડી હતી. આમ ૮૦ના દાયકા દરમિયાન પાકિસ્તાનને વિવિધ સ્વરૂપે આશરે ૨૦-૨૭ અબજ ડોલર જેટલી સહાય મળી હતી. વર્તમાન સમય મુજબ આ સહાયનું મૂલ્ય આશરે ૬૦-૮૫ અબજ ડોલર જેટલું થાય છે. કરાચી સ્થિત ડો. ફારૂખ સલીમ નામના નિષ્ણાતના જણાવ્યાં અનુસાર, પાકિસ્તાનને મળેલી આ સહાય કંઈ ખેરાત નહોતી.

પાકિસ્તાને તેના પ્રદેશોના ઉપયોગ બદલ મળેલી કિંમત હતી. અમેરિકામાં થયેલાં ૯/૧૧ના ત્રાસવાદી હુમલાં પછી પણ વોશિંગ્ટને પાકિસ્તાનને ૬૦૦ મિલિયન ડોલરની સહાય કરી હતી. અમેરિકન સંસદે પાકિસ્તાન માટેના ૩ અબજ ડોલરના પાંચ વર્ષ માટેના પેકેજને મંજૂરી આપી હતી. પરવેઝ મુશર્રફના શાસન દરમિયાન અમેરિકાએ પાકિસ્તાનને ૧૩ અબજ ડોલરની સૈન્ય અને આર્થિક સહાય કરી હતી. હવે ૨૦૨૬માં પાકિસ્તાન કેન્દ્ર સ્થાને પાછું ફર્યુ છે.

વિશ્વભરના નેતાઓ શાંતિ વાર્તા માટે ઈસ્લામાબાદ આવી રહ્યાં છે. જોકે આ વખતે પાકિસ્તાનને તેના પ્રદેશોના ઉપયોગ બદલ કોઈ રોકડ કે સહાય નથી મળી. બલ્કે આ વખતે પાકિસ્તાની સરહદે થયેલાં યુદ્ધથી દેશને ૫.૭ અબજ ડોલરનું નુકસાન થયું છે. ટૂંકમાં પ્રથમ બે યુદ્ધ વખતે પાકિસ્તાનને અબજો ડોલરનો ફાયદો થયો હતો, જ્યારે ત્રીજા યુદ્ધને પગલે, પહેલેથી જ કંગાળ બનેલાં પાકિસ્તાનને આર્થિક નુકસાન થઈ રહ્યું છે.




ઓઈલના ભાવ વધતા બંને દેશોનો વિકાસ દર ઘટશે

## યુદ્ધ ઈરાનમાં પણ માઠી અસર ચીન-ભારત પર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલું ભીષણ યુદ્ધ માત્ર સરહદો પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ હવે તેની અસર દુનિયાના ખિસ્સા પર પડી રહી છે. ઈસ્લામાબાદમાં થયેલી શાંતિ વાટાઘાટો નિષ્ફળ જતાં અને હોર્મુઝની ખાડીમાં તણાવ વધતા ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો થયો છે. આ સ્થિતિ વચ્ચે સંયુક્ત રાષ્ટ્રે એશિયાના આર્થિક એન્જિન ગણાતા ચીન અને ભારત માટે ચિંતાજનક અનુમાન જાહેર કર્યા છે. ચીન જે વિશ્વનું સૌથી મોટું તેલ આયાતકાર છે, તેના માટે UNનો રિપોર્ટ ખતરાની ઘંટી સમાન છે. વર્ષ ૨૦૨૫ માં ચીનનો ગ્રોથ રેટ ૫% રહ્યો હતો, જે આ વર્ષે ઘટીને ૪.૩% થી ૪.૬% ની વચ્ચે રહેવાની શક્યતા છે. આ ઉપરાંત સપ્લાય ચેઈન ખોરવાઈ છે. વેનેઝુએલા પર ટ્રમ્પના અંકુશ બાદ હવે ઈરાન યુદ્ધને કારણે તેલ અને ગેસના પુરવઠામાં જે અવરોધ આવ્યો છે, તેની સૌથી સીધી અને નકારાત્મક અસર ચીન પર પડી છે.

UN એ માત્ર ચીન જ નહીં, પણ ભારતની વિકાસની રફતાર પર પણ બ્રેક વાગવાની આશંકા વ્યક્ત કરી છે. ગયા વર્ષે ૭% થી વધુની ઝડપે દોડતું ભારતનું અર્થતંત્ર આ વર્ષે ૬% ની આસપાસ સીમિત રહે તેવી શક્યતા છે. મિડલ ઈસ્ટના યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલ, ગેસોલિન અને ફર્ટિલાઈઝરના ભાવમાં થયેલો વધારો ભારત જેવા કૃષિપ્રધાન અને ઉર્જા નિર્ભર દેશ માટે મોટો પડકાર છે. UN ના અર્થશાસ્ત્રી હમઝા મલિકના જણાવ્યા અનુસાર, એશિયા-પેસિફિક વિસ્તાર વૈશ્વિક વિકાસનું એન્જિન છે. જો આ એન્જિનની ગતિ ધીમી પડશે, તો તેની અસર આખી દુનિયા પર જોવા મળશે. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) એ પણ અનુમાન લગાવ્યું છે કે ૨૦૨૬ માં આ પ્રદેશનો ગ્રોથ રેટ ૫.૧% રહેશે, જે અગાઉના ૫.૪% કરતા ઓછો છે.દુનિયાનો ત્રીજા ભાગનો તેલ વેપાર હોર્મુઝની ખાડી મારફતે થાય છે. જો અમેરિકા-ઈરાન જંગને કારણે આ રસ્તો બ્લોક થાય, તો ક્રૂડના ભાવ રોકેટ ગતિએ વધી શકે છે, જે મોંઘવારીમાં મોટો વધારો કરશે. ચીનના નાણામંત્રી ભલે દાવો કરતા હોય કે તેમની અર્થવ્યવસ્થા લચીલી છે, પરંતુ UN નો આ રિપોર્ટ સ્પષ્ટ કરે છે કે, જો યુદ્ધ લાંબુ ચાલશે તો એશિયાના મહાસત્તા બનવાના સપના પર આર્થિક ગ્રહણ લાગી શકે છે.

# તંત્રી લેખ......

## માર્ગ અકસ્માતોની શ્રેણી

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં બસ ઊંડી ખીણમાં પડતા ૨૦થી વધુ મુસાફરોના મોત સૌથી વધુ વારંવાર થતા માર્ગ અકસ્માતોમાંનો એક છે. મૃત્યુઆંક વધુ હોવાને કારણે, ઉચ્ચ સ્તરે શોક વ્યક્ત કરવામાં આવી રહ્યો છે અને અકસ્માતના કારણની તપાસનું આશ્વાસન આપવામાં આવી રહ્યું છે, પરંતુ દરેક જાણે છે કે આવા ખાતરીઓ માર્ગ અકસ્માતો ઘટાડવામાં મદદ કરી રહ્યા નથી. આપણા દેશમાં માર્ગ અકસ્માતો અને મૃત્યુ અને ઈજાઓની સંખ્યા સતત વધી રહી છે. દરેક માર્ગ અકસ્માત પછી, ઘણીવાર એ જ કારણો બહાર આવે છે જેના કારણે ઘણા માર્ગ અકસ્માતો થયા છેઃ ઓવરલોડિંગ, સ્પીડિંગ, બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ, અયોગ્ય ડ્રાઈવરો, ટ્રાફિક નિયમોનું પાલન ન કરવું, અથવા ખરાબ રસ્તાઓ અથવા ખતરનાક વળાંકો. ઉધમપુરમાં ખાડામાં પડી ગયેલી બસ તેની ઝડપી ગતિ અને ઓવરલોડિંગને આભારી છે. એ નોંધવું જોઈએ કે આ એક સરકારી બસ હતી, છતાં તે એટલી ઓવરલોડ હતી કે કેટલાક મુસાફરો ઉભા રહીને મુસાફરી કરી રહ્યા હતા. પર્વતીય રસ્તાઓ પર વધારાની સાવધાની રાખવી જોઈતી હતી, પરંતુ આવું કરવામાં આવ્યું ન હતું. પોલીસને બસ સ્ટેશનથી નીકળતી આ બસની નોંધ લેવામાં આવી હોય તેવી શક્યતા ઓછી છે, પરંતુ આપણા દેશમાં આવા ઉલ્લંઘનો એટલા સામાન્ય બની ગયા છે કે કોઈ તેમના પર ધ્યાન આપતું નથી. વિડંબના એ છે કે મુસાફરો પણ ઘણીવાર ઉભા રહીને મુસાફરી કરવામાં અચકાતા નથી. તેઓ જોખમોનો સામનો કરવા માટે તૈયાર હોય છે. ફક્ત પેસેન્જર વાહનો જ ઓવરલોડ નથી. વાણિજ્યિક વાહનો પણ આવું જ કરે છે, અને આનાથી અકસ્માતો થાય છે. આપણા નીતિ નિર્માતાઓ માર્ગ અકસ્માતોની વધતી સંખ્યા માટે જવાબદાર તમામ કારણોથી સારી રીતે વાકેફ છે, પરંતુ તેમને સંબોધવાના નામે, ફક્ત ખાલી ખાતરીઓ આપવામાં આવી રહી છે. જાહેર રસ્તાઓથી લઈને હાઈવે સુધી, બાંધકામ એવી રીતે કરવામાં આવી રહ્યું નથી કે જેથી ખાતરી થાય કે તેમની ડિઝાઈનમાં કોઈ ખામી નથી અને બ્લેક સ્પોટ અથવા જોખમી વિસ્તારો બનાવવામાં ન આવે. તેવી જ રીતે, પોલીસ ખાતરી કરવામાં અસમર્થ છે કે કોઈ વાહનચાલક ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન ન કરે. જે રીતે સતત વધતા માર્ગ અકસ્માતો અને તેના પરિણામે થતા મૃત્યુને રોકવા માટે ખાલી ખાતરીઓ આપવામાં આવે છે, અને ફરજને અર્થહીન ગણાવવામાં આવે છે, તે સૂચવે છે કે માનવ જીવનનું મૂલ્ય છે. તે સમજવું વધુ સારું રહેશે કે દર વર્ષે માર્ગ અકસ્માતોમાં લાખો અકાળ મૃત્યુ કાયદાનું પરિણામ નથી, પરંતુ બેદરકારીનું પરિણામ છે.

## ગૂગલનું નવું સાહસ : એઆઈ ચિપ માર્કેટમાં એનવીડિયાને પડકારશે

(સંપૂર્ણ સમાચાર સેવા)કેલિફોર્નિયા

ગૂગલ હવે આટફિશિયલ ઈન્ટેલિજન્સ સેક્ટરમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે નવી ચિપ્સ પર કામ કરી રહ્યું છે. આ માટે કંપનીએ માર્વેલ ટેકનોલોજી સાથે ભાગીદારી અંગે ચર્ચા કરી રહી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.બંને કંપનીઓ સાથે મળીને એઆઈ ઈન્ફરન્સ ચિપ્સ બનાવશે. જે એઆઈ સિસ્ટમને ઝડપી અને વધુ અસરકારક રીતે જવાબ આપવા મદદ કરે છે.

ગૂગલ પહેલાથી જ પોતાના ટેન્સર પ્રોસેસિંગ યુનિટ્સ દ્વારા એઆઈ ચિપ્સ બનાવે છે અને હવે તે આ ક્ષેત્રમાં વધુ વિસ્તરણ કરવા માંગે છે.ગૂગલ અત્યાર સુધી બ્રોડકોમ સાથે કામ કરતું આવ્યું છે. તેની માર્વેલ સાથેની ભાગીદારી કંપનીની ચિપ સ્ટ્રેટેજીમાં ફેરફાર સૂચવે છે. હાલમાં એનવીડિયા એઆઈ ચિપ માર્કેટમાં નંબર-૧ કંપની છે. તેની ચિપ મોટા એઆઈ મોડેલ્સ માટે ઉપયોગમાં લેવાતા પ્રોસેસર્સમાં વાપરવામાં આવે છે. પરંતુ હવે ગૂગલ જેવી મોટી કંપનીઓ પોતાની જ ચિપ્સ બનાવવાની દિશામાં આગળ વધી રહી છે. જેથી ખર્ચ ઘટે અને વધુ સારું પરફોર્મન્સ મેળવી શકાય.

માર્વલ ટેકનોલોજી અમેરિકાની સેમિકન્ડક્ટર ચિપ્સ બનાવતી કંપની છે. જેની સ્થાપના ૧૯૯૫માં થઈ હતી. આ કંપની ડેટા સેન્ટર, ક્લાઉડ અને એઆઈ માટે ચિપ્સ ડિઝાઈન કરે છે. જેનો ઉપયોગ ગૂગલ, એમેઝોન, માઈક્રોસોફ્ટ જેવી મોટી ટેક કંપનીઓ કરે છે.

### ૧.૯૫% આયાત પર નિર્ભરતા પડી ભારે

## બાંગ્લાદેશમાં મોબાઈલ નેટવર્ક ઠપ થવાનો ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના પડોશી દેશ બાંગ્લાદેશમાં સ્થિતિ બેકાબૂ બની રહી છે. હોર્મુઝની ખાડીમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે તેલનો પુરવઠો ખોરવાતા ૧૭ કરોડની વસ્તી ધરાવતો આ દેશ અંધકાર તરફ ધકેલાઈ રહ્યો છે. ઢાકા સહિતના મુખ્ય શહેરોમાં પેટ્રોલ પંપો પર ૧૨-૧૨ કલાક લાંબી લાઈનો લાગી રહી છે.બાંગ્લાદેશ તેની તેલ અને ગેસની જરૂરિયાત માટે ૯૫% આયાત પર નિર્ભર છે, જે મુખ્યત્વે મિડલ ઈસ્ટથી આવે છે. હોર્મુઝ શિપિંગ રૂટ બંધ થતાં બાંગ્લાદેશમાં ઈંધણની ભારે અછત સર્જાઈ છે.

સરકાર દ્વારા ડિઝલના ભાવમાં ૧૫% નો વધારો કરવા છતાં સ્થિતિ સુધરી રહી નથી. બાંગ્લાદેશના મોબાઈલ ટેલિકોમ ઓપરેટર્સના સંગઠન (AMTOB) એ ચેતવણી આપી છે કે જો તાત્કાલિક ડિઝલ નહીં મળે તો આખું નેટવર્ક ઠપ થઈ જશે. વીજળી કાપ દરમિયાન નેટવર્ક ટાવર અને ડેટા સેન્ટર્સ ચલાવવા માટે ડિઝલ જનરેટરનો ઉપયોગ થાય છે. એક ડેટા સેન્ટર દર કલાકે ૫૦૦ થી ૬૦૦ લીટર ડિઝલ વાપરે છે. અત્યારે બાંગ્લાદેશમાં રોજનો ૫ થી ૮ કલાકનો પાવર કટ ચાલી રહ્યો છે. જો ડેટા સેન્ટર્સ બંધ થશે તો તેની સાંકળ જેવી અસર આખા દેશ પર પડશે. મોબાઈલ ફાઈનાન્શિયલ સર્વિસ (MFS) અને SMS બેક્કિંગ સંપૂર્ણ બંધ થઈ શકે છે. બાંગ્લાદેશની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ ગણાતા ગાર્મેન્ટ સેક્ટરમાં ઉત્પાદન પહેલા જ 30% ઘટી ગયું છે. કૉલિંગ અને ડેટા સુવિધા બંધ થવાથી ૧૭ કરોડ લોકોનો સંપર્ક દુનિયાથી તૂટી જશે. અમેરિકા અને ઈરાન વચ્ચે ઈસ્લામાબાદમાં ચાલેલી વાટાઘાટો નિષ્ફળ રહ્યા બાદ હોર્મુઝમાં તણાવ ચરમસીમા પર છે. જ્યાં સુધી આ રૂટ પર જહાજોની અવરજવર સામાન્ય નહીં થાય, ત્યાં સુધી બાંગ્લાદેશ જેવા દેશો માટે આ સંકટ ટળવું અશક્ય જણાય છે. બાંગ્લાદેશની સ્થિતિ એ વાતનો પુરાવો છે કે આજના યુગમાં કોઈ એક ખૂણે ચાલતું યુદ્ધ કેવી રીતે બીજા દેશના ઈન્ટરનેટ અને રોજીંદા જીવનને ઠપ કરી શકે છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૪૩ અને ચાંદીના વાયદામાં રૂ.૧૫૭૬ની નરમાઈઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૫ ઢીલો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૫૯૯.૩૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૧૮૮૧૩.૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૧૫૫.૬૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૧૧૯ પોઈન્ટના સ્તરે


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૩૭૪૧૩.૯૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૫૯૯.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૩૧૮૮૧૩.૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૭૧૧૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૪૪૬.૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૧૫૫.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૮૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૯૯૨ અને નીચામાં રૂ.૧૫૩૩૬૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૩૯૪૩ના આગલા બંધ સામે રૂ.૨૪૩ ઘટી રૂ.૧૫૩૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૮ વધી રૂ.૧૨૨૭૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૧ વધી રૂ.૧૫૩૮૩ના ભાવે બોલાયો હતો.

સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩ ઘટી રૂ.૧૫૨૩૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૫૦૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૮૪૭ અને નીચામાં રૂ.૧૫૨૧૧૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૨૫૭૧ના આગલા બંધ સામે રૂ.૭૨ વધી રૂ.૧૫૨૬૪૩ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૫૦૪૨૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૧૯૬૯ અને નીચામાં રૂ.૨૫૦૨૧૦ના મથાળે અથડાઈ, રૂ.૨૫૨૫૪૫ના આગલા બંધ સામે રૂ.૧૫૭૬ ઘટી રૂ.૨૫૦૯૬૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૭૨૧ ઘટી રૂ.૨૫૩૨૦૨ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૭૪૫ ઘટી રૂ.૨૫૩૨૩૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૨૯૮.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૨.૬૫ વધી રૂ.૧૨૭૨.૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૩.૪૫ વધી રૂ.૩૪૩.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૧.૫ વધી રૂ.૩૬૬.૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો રૂ.૨.૫ વધી રૂ.૧૯૭.૧ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૦૨૮.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૭૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૯૯૮ અને નીચામાં રૂ.૪૯૪૩ના મથાળે અથડાઈ, રૂ.૧૨ વધી રૂ.૪૯૮૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૮૧૦૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૨૧૨ અને નીચામાં રૂ.૮૦૨૨ના સ્તરને સ્પર્શી, રૂ.૮૧૮૪ના આગલા બંધ સામે રૂ.૫ ઘટી રૂ.૮૧૭૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૬ ઘટી રૂ.૮૧૭૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ ૩૦ પૈસા ઘટી રૂ.૨૫૧.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૩૦ પૈસા ઘટી રૂ.૨૫૧.૩ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૯૯૩.૯ના ભાવે ખૂલી, રૂ.૪.૮ વધી રૂ.૧૦૦૮.૫ના સ્તરે પહોંચ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૯૩૪ના ભાવે ખૂલી, રૂ.૧૩ ઘટી રૂ.૨૯૨૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૪૩૬.૪૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૭૧૯.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૫૨૮.૯૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૫૫.૮૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૬૪.૬૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૪૨.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૯.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૯૯.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૧૯.૬૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૪.૪૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૯૯૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૧૭૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૪૩૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૭૩૧૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૩૦૦૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૯૯૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૬૩૭૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૧૭૬૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૭૮૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૦૭૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૯૩૬૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૭૧૦૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૧૪૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૭૧૦૪ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૭૨ પોઈન્ટ ઘટી ૩૭૧૧૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૪.૫ વધી રૂ.૨૫૮.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા ઘટી રૂ.૪.૭ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૧ ઘટી રૂ.૫૬૯ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૬૯ ઘટી રૂ.૧૫૮૦ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૫ ઘટી રૂ.૨.૭૭ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૨૮ ઘટી રૂ.૧.૦૪ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૮૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૮.૧ વધી રૂ.૭૦૫.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા ઘટી રૂ.૪.૭૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૩.૫ ઘટી રૂ.૨૫૫ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૦૭.૫ ઘટી રૂ.૬૧૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮.૫ વધી રૂ.૧૮૫.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૫ પૈસા ઘટી રૂ.૩.૫૫ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭.૫ ઘટી રૂ.૩૫૧.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧ વધી રૂ.૩૮૪.૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૦૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૦ પૈસા ઘટી રૂ.૦.૨૭ થયો હતો. જસત એપ્રિલ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧ પૈસા વધી રૂ.૦.૦૨ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૧.૧૫ વધી રૂ.૬૦૯.૫૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૫ પૈસા ઘટી રૂ.૩.૭૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦ ઘટી રૂ.૧૧૪૧ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૦૫ ઘટી રૂ.૩૩૩ થયો હતો.

## મણિપુરમાં ભૂકંપના જોરદાર ઝટકા, રિક્ટર સ્કેલ પર ૫.૨ની તીવ્રતા

(સંપૂર્ણ સમાચાર સેવા)મણિપુર

મણિપુરમાં ફરી એકવાર ભૂકંપના ઝટકા અનુભવાયા છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોગ્રાફ અનુસાર, મણિપુરના કામજોંગ વિસ્તારમાં રિક્ટર સ્કેલ પર ૫.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપ જમીનની સપાટીથી લગભગ ૬૨ કિમી ઊંડાઈએ આવ્યો હતો, જેના કારણે તેને મધ્યમ ઊંડાઈનો ભૂકંપ માનવામાં આવે છે. સમાચાર લખાય ત્યાં સુધી કોઈ મોટા નુકસાન અથવા જાનહાનિની માહિતી મળી નથી. મણિપુરમાં મંગળવાર સવારે ભૂકંપની જોરદાર આંચકો અનુભવાયા, જેના કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી મુજબ, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૨ નોંધાઈ હતી. તેનો કેન્દ્ર કામજોઙ વિસ્તારમાં હતું અને તે જમીનથી અંદાજે ૬૨ કિલોમીટર ઊંડાઈએ આવ્યો હતો, જેના કારણે તેને મધ્યમ ઊંડાઈનો ભૂકંપ માનવામાં આવે છે. ભૂકંપના આંચકા થોડા સેકન્ડ સુધી અનુભવાયા, જેના કારણે લોકો પોતાના ઘર અને ઓફિસમાંથી બહાર નીકળી આવ્યા. જોકે, સમાચાર લખાય ત્યાં સુધી કોઈ મોટા નુકસાન અથવા જાનહાનિની માહિતી મળી નથી. પ્રશાસન પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને સ્થાનિક લોકોને સાવચેત રહેવાની અપીલ કરી છે. મણિપુર પહેલેથી જ તણાવપૂર્ણ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોમાં બંધ, વિરોધ પ્રદર્શન અને હિંસાની ઘટનાઓ સામે આવી છે, જેના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. આવા સમયમાં ભૂકંપની આંચકાએ લોકોની ચિંતા વધુ વધારી દીધી છે. વિશેષજ્ઞોનું કહેવું છે કે ઉત્તર-પૂર્વ ભારત ભૂકંપીય દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તાર છે, જ્યાં સમયાંતરે હળવા થી મધ્યમ તીવ્રતાના ભૂકંપ આવતા રહે છે. હાલમાં પ્રશાસન પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને કોઈપણ આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે.

### ચૂંટણીમાં વિચિત્ર નિયમ

## રાત્રે દ્વિચક્રી વાહન પર પ્રતિબંધ, દિવસે એક જ સવારી ચાલવું ફરજિયાત

### ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવા અથવા મતદારોને ડરાવવા-ધમકાવવા માટે બાઈકનો ઉપયોગ ન થાય તે હેતુથી બાઈક રેલીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)પશ્ચિમ બંગાળ

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીનો જંગ જામ્યો છે. પ્રથમ તબક્કાના મતદાન પહેલા કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચૂંટણી પંચે રાજ્યમાં સુરક્ષાના તમામ ચક્રો ગતિમાન કર્યા છે. શાંતિપૂર્ણ અને પારદર્શક મતદાન સુનિશ્ચિત કરવા માટે સમગ્ર રાજ્યમાં ટુ-વ્હીલર (બાઈક અને સ્કૂટર)ની અવરજવર પર કડક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. ચૂંટણી પંચના આદેશ અનુસાર, પ્રથમ તબક્કાની તમામ ૧૫૨ વિધાનસભા બેઠકો પર રાત્રે ૬ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી બાઈક કે સ્કૂટર ચલાવવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. આ નિયમ મંગળવારથી જ અમલી બની ગયો છે અને ૨૩ એપ્રિલ (મતદાનના દિવસ) સુધી ચાલુ રહેશે. ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવા અથવા મતદારોને ડરાવવા-ધમકાવવા માટે બાઈકનો ઉપયોગ ન થાય તે હેતુથી બાઈક રેલીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પંચનું માનવું છે કે, આવી રેલીઓ અવારનવાર હિંસા અને તણાવનું કારણ બને છે.

સવારના ૬ થી સાંજના ૬ વાગ્યા દરમિયાન પણ નિયમો કડક રહેશે. બાઈક પર પાછળની સીટ પર બેસીને સવારી કરવા પર પ્રતિબંધ રહેશે. એટલે કે એક બાઈક એક જ વ્યક્તિ. મેડિકલ ઈમરજન્સી, શાળાએ જતા બાળકો અને અનિવાર્ય કૌટુંબિક કાર્યો માટે જ પાછળ બેસવાની મંજૂરી મળશે. ૨૩ એપ્રિલના રોજ મતદાન કરવા જવા માટે પરિવારના સભ્યોને પાછળ બેસાડવાની છૂટ આપવામાં આવશે. મેડિકલ ઈમરજન્સી કે અન્ય જરૂરી કામ માટે જો છૂટછાટ જોઈતી હોય, તો સ્થાનિક પોલીસ સ્ટેશન પાસેથી લેખિત મંજૂરી લેવી ફરજિયાત છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે સોમવારે જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવા માટે પંચ કટિબદ્ધ છે. આ પ્રતિબંધો મતદારો માટે ભયમુક્ત અને શાંત વાતાવરણ પૂરું પાડવા માટે લગાવવામાં આવી છે. નાગરિકોને અપીલ છે કે, ચૂંટણી પંચના નિર્ણયને લાગુ કરવામાં સહયોગ કરે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com


## ચારધામ યાત્રાના પ્રથમ દિવસે જ બે શ્રદ્ધાળુઓના કરુણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉત્તરકાશી

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાના પ્રારંભિક દિવસે જ બે શ્રદ્ધાળુઓના મોતની કરુણ ઘટનાઓ બની છે. આ બંને દુર્ઘટનાઓ ઉત્તરકાશી જિલ્લામાં યમુનોત્રી ધામના માર્ગ પર બની હતી. જેમાં મધ્યપ્રદેશથી પોતાના પતિ સાથે યાત્રા પર આવેલી એક મહિલા શ્રદ્ધાળુનું ઘોડા પરથી પડી જવાને કારણે મોત નીપજ્યું હતું, જ્યારે મહારાષ્ટ્રના એક વૃદ્ધનું ચઢાણ દરમિયાન તબિયત લથડતા નિધન થયું હતું.યમુનોત્રી પગપાળા માર્ગ પર અકસ્માતનો ભોગ બનેલી મહિલાની ઓળખ ૪૦ વર્ષીય પ્રતિમા મિશ્રા તરીકે થઈ છે, જેઓ મધ્યપ્રદેશના ઈન્દોરના રહેવાસી હતા. મળતી માહિતી મુજબ, યાત્રા દરમિયાન પ્રતિમાબેન ઘોડા પરથી અચાનક નીચે પટકાયા હતા, જેના કારણે તેમના માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને ‘મૃત જાહેર’ કર્યા હતા. બીજી ઘટનામાં, મહારાષ્ટ્રના નાસિકથી આવેલા ૬૭ વર્ષીય વૃદ્ધ શ્રદ્ધાળુ ઉદમ તામ્બેની પગપાળા ચઢાણ દરમિયાન અચાનક તબિયત બગડી હતી. ચઢાણ ચઢતી વખતે તેમને શ્વાસ લેવામાં ગંભીર તકલીફ પડી હતી. તેમને તુરંત જાનકીચટ્ટી સ્થિત હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરો તેમને બચાવી શક્યા ન હતા. વહીવટીતંત્ર દ્વારા યાત્રીઓને સાવચેતી રાખવા અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા અપીલ કરવામાં આવી છે.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### બેંકમાં તમારા પૈસા કેટલા સુરક્ષિત ? ગ્રાહકોના રક્ષક જ બન્યા ભક્ષક, ૨૦ લોકોની ધરપકડથી ખળભળાટ

# રાજકોટમાં રૂપિયા ૨૫૦૦ કરોડનુ મહાકૌભાંડ: એચડીએફસી, એકિસસ અને યસ બેંક ના અધિકારીઓ જ નિકળ્યા માસ્ટર માઈન્ડ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકોટમાં બેંકિંગ સુરક્ષા અને વિશ્વાસને હચમચાવી દેતો એક મોટુ કૌભાંડ બહાર આવ્યુ છે. બેંકિંગ સિસ્ટમમાં રહેલી છટકબારીઓનો ફાયદો ઉઠાવીને આશરે રૂપિયા ૨૫૦૦ કરોડનુ સાયબર ફ્રોડ આચરનાર એક વિશાળ ટોળકીનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં સૌથી આઘાતજનક બાબત એ છે કે જે બેંક અધિકારીઓના ખભે ગ્રાહકોના પૈસાની સુરક્ષાની જવાબદારી હતી, તેઓ જ આ કાળા કારોબારમાં સામેલ નિકળ્યા છે.




રાજકોટ પોલીસે દેશની ૩ મોટી ખાનગી બેંકો યસ બેંક, એકિસસ બેંક અને એચડીએફસી બેંકના અધિકારીઓની ધરપકડ કરી છે. આ મામલાએ સમગ્ર દેશના બેંકિંગ સેકટરમાં ખળભળાટ મચાવી દીધો છે. રાજકોટ પોલીસ અધિક્ષક વિજય ગુર્જરે આ હાઈ પ્રોફાઈલ કેસ અંગે માહિતી આપતા જણાવ્યુ હતુ કે આ કૌભાંડમાં સંડોવાયેલા બેંક અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે. જાળસાજો માટે રસ્તો સરળ બનાવ્યો હતો. ધરપકડ કરાયેલા કેટલાક નામો અને તેની ફરજો જણાવેલ છે.

જેમાં પડધરી યસ બેંકના મેનેજર મૌલિક કમાણીએ કહ્યું હતુ કે પર્સનલ મેનેજર તરીકે શંકાસ્પદ ખાતાઓ ખોલવામાં અને બેંકના ઈન્ટરનલ એલર્ટસને દબાવવામાં મુખ્ય ભુમિકા ભજવી હતી. તો બીજી તરફ એકિસસ બેંક જામનગરના મેનેજર કલ્પેશ ડાંગરીયાએ જણાવ્યુ હતુ કે તેઓ મેનેજર તરીકે કાર્યરત હતા, તેમણે નકલી આઈકાર્ડ અને એપીએમસી (એપીએમસી) ના ખોટા દસ્તાવેજો બનાવીને મોટા વ્યવહારોને કાયદેસર બતાવવામાં મદદ કરી હતી, તો બીજી તરફ રાજકોટ એચડીએફસી બેંકના પર્સનલ બેંકર અનુરાગ બલધા એ જણાવ્યુ હતુ કે પર્સનલ બેંકર તરીકે કામ કરતા અનુરાગે યોગ્ય વેરીફીકેશન કર્યા વગર જ આ ગેંગ માટે નવા ખાતાઓ ખોલી આપ્યા હતા. તપાસમાં બહાર આવ્યુ હતુ કે આ અધિકારીઓ માત્ર મદદગાર ન હતા પરંતુ આ ટોળકીના સક્રિય સભ્યોની જેમ કામ કરતા હતા, જયારે પણ આ શંકાસ્પદ ખાતાઓમાં કરોડો રૂપીયાની લેવડ દેવડ થતી હતી ત્યારે બેંકની સિસ્ટમ રેડ ફલેગ એટલે કે જોખમનો સંકેત આપતી હતી, સામાન્ય સંજોગોમાં આવા ખાતા બ્લોક થઈ જવા જોઈએ, પરંતુ મૌલિક કમાણી જેવા અધિકારીઓ નકલી દસ્તાવેજો લગાવીને તે ખાતાઓને ફરી ચાલુ કરાવી દેતા હતા. તો બીજી તરફ કલ્પેશ ડાંગરીયાએ કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલા નકલી દસ્તાવેજો તૈયાર કર્યા હતા.

જેથી એવુ લાગે કે કરોડોના આ વ્યવહારો ખેતીના વેપાર સાથે જોડાયેલા છે અને તપાસ એજન્સીઓની નજરમાં ન આવે. પોલીસની તપાસમાં અત્યાર સુધીમાં ૮૫ એવા બેંક ખાતા મળી આવ્યા છે, જેના દ્વારા અંદાજે રૂપીયા ૨૫૦૦ કરોડ નુ ટ્રાન્ઝેકશન કરવામાં આવ્યુ હતું. શરૂઆતમાં આ આંકડો ૧૫૦૦ કરોડ હોવાનુ મનાતુ હતું. પરંતુ જેમ જેમ તપાસ આગળ વધી તેમ તેમ કૌભાંડની જટીલ પરતો ખુલી ગઈ, સાયબર ક્રાઈમ પોર્ટલ પર આ ટોળકી વિરૂધ્ધ અત્યાર સુધીમાં ૫૩૫ ફરીયાદો નોંધાઈ ચુકી છે. જે દર્શાવે છે કે આ નેટવર્ક કેટલુ મોટુ હતું. પોલીસના જણાવ્યા અનુસાર આ કરોડો રૂપીયાની જંગી કેસ જથ્થો (હવાલા) મારફતે અન્ય સ્થળોએ પહોચાડવામાં આવ્યો હોવાની આશંકા છે. પકડાયેલા અધિકારીઓના મોબાઈલ ફોનમાંથી ઘણા મહત્વના ડીઝીટલ પુરાવા અને ચેટસ મળી આવ્યા છે. જે સાબિત કરે છે કે તેઓ સીધી રીતે જાળસાજો ના સંપર્કમાં હતા અને કમિશન મેળવતા હતા. હાલમાં આ ત્રણેય અધિકારીઓ પોલીસ રીમાન્ડ પર છે. જયારે ટોળકીના અન્ય ૧૭ સભ્યો જેલના સળીયા પાછળ છે.

## રેલવે સુરક્ષા બળ દ્વારા રેલવે જમીન પરથી ગેરકાયદેસર રીતે વૃક્ષોની કાપણી અને ચોરી કરનાર આરોપીઓ સામે કાર્યવાહી

રેલવે સુરક્ષા બળની અંકલેશ્વર ટીમ દ્વારા રેલવે સંપત્તિની સુરક્ષા અંતર્ગત એક મહત્વપૂર્ણ કાર્યવાહી કરતાં રેલવે જમીન પર આવેલા વૃક્ષોની ગેરકાયદેસર કાપણી અને ચોરીમાં સંકળાયેલા ૦૯ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.



પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલ પ્રેસ નોટ મુજબ તા. ૧૮.૦૪.૨૦૨૬ ના રોજ વડોદરા મંડળના કોસાડ અને ગોઠણગામ રેલવે સ્ટેશનો વચ્ચે રેલવે જમીન પરથી વૃક્ષો કાપીને ચોરી કરવામાં આવી રહી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. ત્યારબાદ રેલવે સુરક્ષા બળ, અંકલેશ્વરની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને સ્થળ પર દરોડો પાડ્યો, જેમાં ૦૯ આરોપીઓને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા. ગિરફતાર વ્યક્તિઓ પાસેથી રેલવેના બબૂલના વૃક્ષોની લાકડીઓ જપ્ત કરવામાં આવી, જેનું કુલ વજન ૨૧,૯૮૫ કિલોગ્રામ છે અને અંદાજિત કિંમત રૂા.૧,૩૧,૯૧૦/- છે. આ ઉપરાંત ચોરીમાં ઉપયોગમાં લેવાયેલા ૦૨ ટ્રક, એક ઈલેક્ટ્રોનિક કટર મશીન તથા ૦૨ કુલ્હાડીઓ પણ જપ્ત કરવામાં આવી છે.

આ મામલે આરોપીઓ વિરુદ્ધ રેલવે સંપત્તિ (અનધિકૃત કબજો) અધિનિયમની કલમ ૩ હેઠળ તા. ૧૯.૦૪.૨૦૨૬ના રોજ કેસ નોંધવામાં આવ્યો છે? મામલાની તપાસ રેલવે સુરક્ષા બળ દ્વારા કરવામાં આવી રહી છે? ધરપકડ કરાયેલા ૦૯ આરોપીઓમાંથી ૦૨ ને હાલમાં ન્યાયિક કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે, જ્યારે બાકીના ૦૭ આરોપીઓને માનનીય રેલવે કોર્ટ દ્વારા જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. વડોદરા મંડળના રેલવે સુરક્ષા બળ દ્વારા રેલવે સંપત્તિની સુરક્ષા માટે આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

## પશ્ચિમ રેલવે દ્વારા પાલનપુર–અમદાવાદ ખંડ પર ગતિ ક્ષમતા વધારવા માટે કાર્ય પ્રગતિ પર

પશ્ચિમ રેલવે દ્વારા પાલનપુર–અમદાવાદ રેલખંડ પર ટ્રેનોની ગતિ ક્ષમતા ૧૩૦ કિમી/કલાક સુધી વધારવા માટે અવસંરચના સશક્તિકરણનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ ક્રમમાં કરજોડા–પાલનપુર સ્ટેશનો વચ્ચે આવેલા મુખ્ય પુલ નં. ૮૬૭ના એપ્રોચ પર જિયો સેલ અને બ્લેક્રેટિંગ સામગ્રી નાખવામાં આવી રહી છે.

આ કાર્ય પૂર્ણ થયા પછી આ ખંડમાં ટ્રેનોની ગતિમાં નોંધપાત્ર વધારો થશે, જેના પરિણામે મુસાફરોનો મુસાફરી સમય ઓછો થશે અને તેઓ પોતાના ગંતવ્ય સુધી વધુ ઝડપથી પહોંચી શકશે.

ઉપરાંત, માલગાડીઓની ઝડપી અને સરળ અવરજવર થવાથી માલ પરિવહન પ્રણાલીને પણ મજબૂતી મળશે, જેથી સમગ્ર રેલ સેવાઓની ગુણવત્તામાં સુધારો થશે.

ઉલ્લેખિત કાર્યને સરળતાથી પૂર્ણ કરવા માટે તારીખ ૨૧ એપ્રિલ ૨૦૨૬ (મંગળવાર)ના રોજ ટ્રાફિક બ્લોક લેવામાં આવશે.

બ્લોકને કારણે ટ્રેન સંખ્યા ૧૪૮૨૨ (સાબરમતી–જોધપુર) તારીખ ૨૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાબરમતી–આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય માહિતી માટે **www. enquiry. indianrail.gov.in** ની મુલાકાત લો.

### સાબરકાંઠામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી સંદર્ભે કલેકટરની અધ્યક્ષતામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

# વહિવટી તંત્ર સજજ: ૧૦.૩૬ લાખ મતદારો કરશે મતાધિકારનો ઉપયોગ: સુરક્ષા માટે ૧ હજાર થી વધુ પોલીસ જવાનો તૈનાત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની આગામી સામાન્ય અને પેટા ચુંટણી મુકત, ન્યાયી અને પારદર્શી વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા કલેકટર ના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં કલેકટરે ચુંટણીલક્ષી આંકડાકીય વિગતો, સુરક્ષા વ્યવસ્થા અને જનજાગૃતિના કાર્યક્રમો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કલેકટરે વધુમાં જણાવ્યુ હતુ કે જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની સામાન્ય તથા પેટા ચુંટણી માટે આગામી ૨૬ એપ્રિલ ૨૦૨૬ ના રોજ સવારે ૭ થી સાંજના ૬ કલાક સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ ચુંટણીમાં જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો અને તાલુકા પંચાયતની ૧૭૦ બેઠકો પર મતદાન થશે, નગરપાલિકાઓના હિંમતનગર ૧૧ વોર્ડ, ઈડર ના ૭ વોર્ડ, વડાલીના ૬ વોર્ડ અને પ્રાંતિજ(પેટા ચુંટણી) ના વોર્ડ નં. ૨ ની ૧ બેઠકનો સમાવેશ થાય છે. ચુંટણી બાદ મતગણતરીની પ્રક્રિયા ૨૮ એપ્રિલ ૨૦૨૬ ના રોજ સવારે ૯ કલાક થી શરૂ કરવામાં આવશે. ચુંટણીના હરીફ ઉમેદવારોની સ્થિતિ સ્પષ્ટ કરતા કલેકટરે ઉમેર્યુ હતુ કે જિલ્લા પંચાયત માટે ૧૦૭, તાલુકા પંચાયત માટે ૫૦૦ અને નગરપાલિકાઓ માટે ૨૩૧ હરીફ ઉમેદવારો મેદાનમાં છે. જો કે તાલુકા પંચાયતની ૩ બેઠકો (વકતાપુર, નિકોડા અને પીલુદ્રા ) અને હિંમતનગર નગરપાલિકાની ૩ બેઠકો બિનહરીફ જાહેર થયેલ છે. વિજયનગર તાલુકા પંચાયતની ચિતરીયા બેઠક પર ઉમેદવારના અવસાનના કારણે ચુંટણી મોકુફ રાખવામાં આવી છે. વહિવટી તંત્ર દ્વારા સુરક્ષા અને વ્યવસ્થા માટે કુલ ૧,૦૧૩ પોલીસ સ્ટાફ (તાલુકા પંચાયત માટે ૯૩૨ અને નગરપાલિકા માટે ૮૧ ) તૈનાત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં કુલ ૧૦,૩૬,૧૭૦ મતદારો મતાધિકાર ધરાવે છે. જેમાં જિલ્લા / તાલુકા પંચાયત સ્તરે ૯, ૧૮,૧૯૪ અને નગરપાલિકા સ્તરે ૧,૧૭,૯૭૬ મતદારો નોંધાયેલા છે. મતદાન પ્રક્રિયા માટે ૧,૩૪૭ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. ચુંટણી માટે ઈવીએમ મશીનોની ફાળવણી પુર્ણ કરી દેવામાં આવી છે. જેમાં ૨,૯૮૪ સીયુ (કંટ્રોલ યુનિટ) અને ૩,૧૮૪ બીયુ (બેલેટ યુનિટ) નો સમાવેશ થાય છે.

વધુમાં અત્યાર સુધીમાં ૫,૯૫૮ ટપાલ મતપત્રો અને ૨,૦૦૫ સેવા મતદારોને મતાધિકાર માટેની પ્રક્રિયા રવાના કરવામાં આવી છે. મતદાનની ટકાવારી વધારવા માટે વહિવટી તંત્ર દ્વારા સ્વેપ અંતર્ગત વ્યાપક ઝુંબેશ ચલાવવામાં આવી છે. આ અંતર્ગત રંગોલી, ચિત્ર, કિવઝ સ્પર્ધા અને જાહેર સ્થળો પર શપથ લેવાના કાર્યક્રમોમાં હજારો બાળકો અને નાગરીકોએ ભાગ લીધો હતો. ખાસ કરીને ૨૧૮ શાળાઓના ૨૬ હજાર બાળકોએ રંગોલી સ્પર્ધામાં ભાગ લઈ મતદાન જાગૃતિનો સંદેશ ફેલાવ્યો છે. મતદારોને ઈવીએમ મશીનથી માહિતગાર કરવા માટે ૧૯ એપ્રિલ ૨૦૨૬ થી નિર્દશન કાર્યક્રમો પણ શરૂ કરવામાં આવ્યા છે. કલેકટરે જિલ્લાના તમામ નાગરીકોને નૈતિક રીતે અને અચુક મતદાન કરવા અપીલ કરી છે.

આ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા પોલીસવડા ડો.પાર્થરાજસિંહ ગોહિલ, અધિક નિવાસી કલેકટર સુ.શ્રી કિષ્ણા વાઘેલા, નાયબ જિલ્લા ચુંટણી અધિકારી, નાયબ માહિતી નિયામક સહિત મીડીયાના મિત્રો હાજર રહ્યા હતા.

## રાજયની આશ્રમ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે નિભાવ ગ્રાન્ટમાં કરાયો વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસઈબીસી) માટે ચાલી રહેલી આશ્રમ શાળાઓને મોટી રાહત આપતા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય મુજબ નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવામાં આવ્યો છે. અત્યાર સુધી આશ્રમ શાળાઓ વિદ્યાર્થી દીઠ રૂપિયા ૨૧૬૦ નિભાવ ગ્રાન્ટ મળતી હતી. પરંતુ હવે તેમાં વધારો કરીને વિદ્યાર્થી દીઠ રૂપિયા ૨૫૦૦ નિભાવ ગ્રાન્ટ કરવામાં આવી છે. નિભાવ ગ્રાન્ટમાં વધારો થવાના કારણે હવે વિદ્યાર્થીઓને રોજીંદા ખર્ચ માટે વધુ આર્થિક સહાય ઉપલબ્ધ થશે.

અગાઉ આશ્રમ શાળાઓમાં રહેઠાણ અને ભોજન માટે વિદ્યાર્થીઓને મળતી નિભાવ ગ્રાન્ટની રકમ મર્યાદીત હતી, જેના કારણે સતત મોંઘવારીના સમયમાં સંચાલકો અને વિદ્યાર્થીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ગ્રાન્ટમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નવા નિર્ણય અનુસાર વિદ્યાર્થીઓને મળતી નિભાવ ગ્રાન્ટમાં નોંધપાત્ર વધારો કરાયો છે. આ વધારાથી આશ્રમ શાળાઓમાં રહેઠાણ, ભોજન, શિક્ષણ સંબંધિત સામગ્રી તેમજ અન્ય આવશ્યક સુવિધાઓ પુરી પાડવામાં સરળતા રહેશે. ખાસ કરીને ગ્રામ્ય અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને આ નિર્ણય થી વધુ લાભ મળશે. આ નિર્ણય થી આશ્રમ શાળાના સંચાલકોને પણ રાહત મળશે. કારણ કે અત્યાર સુધી મર્યાદીત ગ્રાન્ટને કારણે સંચાલનનો ખર્ચ ઉંચો જતો હતો. હવે વધારાની ગ્રાન્ટથી શાળાઓમાં સુવિધાઓ સુધારવાની સાથે વિદ્યાર્થીઓને વધુ સારી ગુણવત્તાવાળી સેવાઓ આપવામાં મદદ મળશે. ૮ એપ્રિલ ૨૦૨૨ ના રોજ ઠરાવ બહાર પાડીને આશ્રમ શાળાઓની નિભાવ ગ્રાન્ટ વિદ્યાર્થી દીઠ રૂપિયા ૧૫૦૦ થી વધારી ને રૂપિયા ૨૧૬૦ કરવામાં આવી હતી, જો કે હવે ૪ વર્ષ બાદ ફરી એકવાર તેમાં વધારો કરવામાં આવ્યો છે. જે અનુસાર હવે રૂપિયા ૨૫૦૦ નિભાવ ગ્રાન્ટ વિદ્યાર્થી દીઠ મળશે. રાજય સરકારના આ પગલાને શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. નિષ્ણાંતોના મતે આ પ્રકારના નિર્ણયોથી પછાત વર્ગના વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યેનો રસ વધશે અને તેઓ વધુ સારી રીતે અભ્યાસ કરી શકશે. આ રીતે એસઈબીસી આશ્રમ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નિભાવ ગ્રાન્ટમાં વધારો એ એક સકારાત્મક અને સમયોચીત પગલુ સાબિત થશે. જે તેમના સર્વાંગી વિકાસમાં મદદરૂપ બનશે.

### અમદાવાદના નારણપુરામાં ચોરીની વિચિત્ર ઘટના

## કારમાં આવેલા તસ્કરો બીજી કારને ધક્કો મારીને ઉઠાવી ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં વાહનચોરીનો એક અત્યંત વિચિત્ર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. તસ્કરો પોતે કાર લઈને આવ્યા હતા અને અન્ય એક કારની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરી કરવાની પદ્ધતિ એટલી ચાલાકીભરી હતી કે તસ્કરોએ કારનું એન્જિન ચાલુ કર્યા વગર જ તેને ધક્કો મારીને સોસાયટીની બહાર કાઢી હતી, જેથી અવાજ ન થાય અને કોઈ જાગી ન જાય.

મળતી માહિતી અનુસાર, નારણપુરાના રહેવાસી પ્રશાંત રાજ્યગુરુએ વર્ષ ૨૦૨૪માં એક સેકન્ડ હેન્ડ કાર ખરીદી હતી. ગત ૧૭મી એપ્રિલે તેણે પોતાની આ કાર ઘરની બહાર પાર્ક કરી હતી. ૨૦મી એપ્રિલની વહેલી સવારે પાંચ વાગ્યે જ્યારે તેઓ પોતાના ભાઈને લેવા જવા માટે બહાર નીકળ્યા ત્યારે કાર ગાયબ હોવાનું માલૂમ પડ્યું હતું.

ચોરાયેલી કારની અંદર માલિકના ડ્રાઈવિંગ લાઈસન્સ, ચૂંટણી કાર્ડ અને આધાર કાર્ડ જેવા અત્યંત મહત્ત્વના ઓળખપત્રો પણ મુકેલા હતા.

આ દસ્તાવેજો પણ કારની સાથે જ ચોરાઈ જતા પ્રશાંતભાઈની મુશ્કેલીમાં વધારો થયો છે.પોલીસે વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસતા ચોંકાવનારી વિગતો સામે આવી છે.

ફૂટેજમાં જોઈ શકાય છે કે, બુકાનીધારી તસ્કરો કારમાં આવ્યા હતા. એક તસ્કરે કારનું લોક તોડ્યું હતું. પકડાઈ જવાના ડરથી તેમણે એન્જિન શરૂ કરવાને બદલે કારને શાંતિથી ધક્કો મારીને સોસાયટીની બહાર લઈ ગયા હતા. અવાજ ન થવાને કારણે આસપાસના લોકોને ચોરીની ગંધ પણ આવી નહોતી.

આ મામલે પ્રશાંતભાઈએ નારણપુરા પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે તસ્કરોનું પગેરું દબાવ્યું છે અને ચોર ટોળકીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાએ સોસાયટીમાં રહેતા અન્ય વાહનચાલકોમાં પણ ચિંતા જન્માવી છે.

## અમદાવાદમાં શનિવાર સુધી યલો એલર્ટ, પારો ૪૩ ડિગ્રીને પાર પહોંચવાની આગાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ઉનાળાના આકરા મિજાજ વચ્ચે અમદાવાદમાં હવે કાળઝાળ ગરમીનો પ્રકોપ શરૂ થયો છે. અમદાવાદ શહેરમાં આજથી સતત સાત દિવસ માટે ગરમીનું 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આ સપ્તાહના અંત સુધીમાં શહેરનું તાપમાન વધીને ૪૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે, જેના કારણે અમદાવાદીઓએ આકરી ગરમીનો સામનો કરવો પડશે.

**IMD**ના આધારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા સેટેલાઈટ ડેટા અને આધુનિક ટેકનોલોજીની મદદથી શહેરના કુલ ૭૬ વિસ્તારોને 'હીટ હોટસ્પોટ્સ' તરીકે જાહેર કર્યા છે. પૂર્વ અમદાવાદમાં લાંભા વોર્ડમાં સૌથી વધુ ૧૨ હોટસ્પોટ્સ નોંધાયા છે. આ ઉપરાંત વટવા, રામોલ, વસ્ત્રાલ અને રાણીપ જેવા વિસ્તારોમાં પણ ગરમીનું પ્રમાણ વધુ રહેવાની શક્યતા છે. ખાસ કરીને બપોરે ૧૨ થી સાંજના ૫ વાગ્યા દરમિયાન ગરમીનો પારો આસમાને પહોંચશે.

રાજ્યમાં અત્યારે ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે આગામી ૨૬ એપ્રિલે મતદાનના દિવસે પણ ગરમી ૪૩ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. તંત્ર દ્વારા મતદારો અને કાર્યકરોને લૂથી બચવા સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

## છારોડી ગામે વૃદ્ધાની હત્યા! હત્યારાઓએ મૃતદેહ સળગાવવાનો પ્રયાસ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં આવેલા છારોડી ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક ૬૫ વર્ષીય વૃદ્ધ મહિલાની તેના જ ઘરમાં શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ લૂંટના ઈરાદે અથવા અદાવતમાં થયેલી હત્યા હોવાનું જણાઈ રહ્યું છે.

મળતી વિગતો અનુસાર, છારોડી ગામમાં રહેતા ૬૫ વર્ષીય મદીનાબાનુ કુરેશી નામના વૃદ્ધાના ઘરની બહાર મોડે સુધી તાળું જોવા મળતા ગ્રામજનોને શંકા ગઈ હતી. કોઈ અનિચ્છનીય બનાવની આશંકાએ ગ્રામજનોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. સાણંદ **GIDC** પોલીસની ટીમે ઘટનાસ્થળે પહોંચી ઘરનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો ત્યારે મદીનાબાનુનો લોહીલુહાણ દેહ મળી આવ્યો હતો.

ઘટનાની ગંભીરતાને જોતા **SOG, LCB** અને **FSL**ની ટીમો પણ તાત્કાલિક છારોડી ગામે દોડી આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે અજાણ્યા શખસોએ વૃદ્ધા પર કોઈ બોથડ પદાર્થ વડે હુમલો કરી તેમને મોતને ઘાટ ઉતાર્યા હતા. એટલું જ નહીં, હત્યારાઓએ પુરાવાનો નાશ કરવા માટે લાશને સળગાવવાનો પણ પ્રયાસ કર્યો હોવાની આશંકા છે. હત્યાની આ ઘટનાને પગલે ગામમાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

## વડોદરામાં ખરીદાતી મિલકતોમાંથી ૨૫ ટકા જેટલી માલિકી મહિલાઓની

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં વર્ષ ૨૦૨૪ અને વર્ષ ૨૦૨૫ એમ બે વર્ષમાં કુલ ૧૦૪૧૧૯ મિલકત વેચાણ માટેના દસ્તાવેજોની નોંધણી થઈ છે. આ પૈકી ૨૬૦૮૭ મિલકતો મહિલાઓ દ્વારા ખરીદવામાં આવી હોવાના દસ્તાવેજોની નોંધણી થઈ છે. છેલ્લા બે વર્ષમાં ખરીદવામાં આવેલી મિલકતોમાંથી ૨૫ ટકા મિલકતો મહિલાની માલિકીની છે. મહિલાઓ દ્વારા ખરીદવામાં આવેલી મિલકત વેચાણ દસ્તાવેજમાં કુલ રૂા.૧૫૨.૩૪ કરોડની નોંધણી ફી માફી મળી છે.

ઉલ્લેખનીય છે કે મિલકતોની નોધણી માટે જ્યારે દસ્તાવેજો કરવામાં આવે છે ત્યારે નોંધણી ફીની રકમમાંથી મુક્તિ આપવામાં આવે છે. આ નોંધણી ફીની રકમમાંથી બચવા માટે પણ અનેક લોકો મહિલાના નામે દસ્તાવેજો કરાવવાનો આગ્રહ રાખે છે. અથવા એક મિલકત જો ઘરમાં પુરુષના નામે હોય તો બીજી મિલકત મહિલાના નામે પણ કરવામાં આવે છે. છેલ્લા ઘણા સમયથી મહિલાઓના નામે દસ્તાવેજોની નોંધણીનો ટ્રેન્ડ પણ વધી રહ્યો છે. છેલ્લા બે વર્ષમાં મહિલા દ્વારા ખરીદવામાં આવેલી મિલકતોમાં વડોદરામાં વર્ષ-૨૦૨૪માં ૧૨૪૯૧ દસ્તાવેજોની નોંધણી થઈ હતી. જ્યારે વર્ષ-૨૦૨૫માં આ સંખ્યા વધીને ૧૩૫૯૬ નોંધાઈ હતી. વડોદરા શહેર અને જિલ્લાની કુલ ૧૫ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં વડોદરા-૪ સબ રજિસ્ટ્રાર કચેરીમા મહિલાઓના નામે સૌથી વધુ દસ્તાવેજોની નોંધણી થઇ છે. વર્ષ-૨૦૨૪માં મહિલાઓએ દસ્તાવેજોની નોંધણીમાં રૂા.૪૫ કરોડ નોંધણી ફીનો લાભ લીધો હતો. જ્યારે વર્ષ-૨૦૨૫માં રૂા.૧૦૬.૭૦ કરોડનો લાભ મેળવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવવા અને મિલકતમાં તેમનો હિસ્સો વધારવા માટે સરકાર દ્વારા નોંધણી ફીમાં રાહત આપવામાં આવે છે. આ આર્થિક રાહતને કારણે મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના પરિવારો હવે મિલકત પત્ની, માતા કે પુત્રીના નામે લેવાનું વધુ પસંદ કરી રહ્યા છે. રાજ્યમાં મહિલાઓ માટે સ્ટેમ્પ ડ્યૂટી ૩.૯% છે અને નોંધણી ફી કોઈ નથી, જ્યારે પુરુષો માટે તે ૪.૯% સ્ટેમ્પ ડ્યૂટી અને એક ટકો નોંધણી ફી છે. મહિલા મિલકત ખરીદદારો માટે ઉપલબ્ધ અન્ય લાભો અંગે ઘણી બેંકો અને હોમ ફાઈનાન્સ કંપનીઓ મહિલા લોન લેનારાઓને ડિસ્કાઉન્ટેડ હોમ લોન વ્યાજદરો ઓફર કરે છે. ઓછા વ્યાજ દર લાખો રૂપિયા બચાવી શકે છે.

દસ્તાવેજની નોંધણી માટે મહિલાઓ માટે નોંધણી ફીમાં ખાસ મુક્તિ આપવામાં આવી છે. સામાન્ય સંજોગોમાં દસ્તાવેજની નોંધણી કરાવવાની હોય ત્યારે અવેજનો એક ટકો નોંધણી ફી પેટે વસૂલવામાં આવે છે પરંતુ જ્યારે માત્ર મહિલાઓના નામે દસ્તાવેજનું રજિસ્ટ્રેશન થાય ત્યારે આ એક ટકા નોંધણી ફી માફ છે. એટલે કે કોઈ મહિલાના નામે મિલકતનો દસ્તાવેજ થાય અને તેની અવેજ રૂા.૫૦ લાખ હોય તો તે મહિલાએ એક ટકા પેટે રૂા.૫૦ હજાર નોંધણી ફી પેટે ચૂકવવાના ના થાય.


## પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી ⇌ દુર્ગાપુર વચ્ચે વિશેષ ટ્રેન ચલાવાશે.

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09413 | સાબરમતી - દુર્ગાપુર | 24.04.2026 | 18:25 કલાક (શુક્રવાર) | 09:15 કલાક (રવિવાર) |
| 09414 | દુર્ગાપુર - સાબરમતી | 26.04.2026 | 12:15 કલાક (રવિવાર) | 03:00 કલાક (મંગળવાર) |
| હોલ્ટ્સ: મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર, બાંડીકુઇ, ભરતપુર, ઇદગાહ આગ્રા, ટુંડલા, ગોવિંદપુરી, સુબેદારગંજ, પં. દીનદયાળ ઉપાધ્યાય, સાસારામ, ગયા, કોડરમા, ધનબાદ, આસનસોલ અને અંદલ સ્ટેશનો બંને દિશામાં. | | | | |
| રચના: એસી ૩-ટાયર અને સ્લીપર ક્લાસ કોચ. | | | | |

મુસાફરો કૃપા કરીને સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09413 માટે બુકિંગ તા. 22.04.2026 ના રોજ બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન સ્પેશ્યલ ભાડા પર સ્પેશ્યલ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in

અમને લાઇક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષીત ટીકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

# જો મંદિરોમાં સંપ્રદાયો અને સંપ્રદાયોના આધારે પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવે તો હિન્દુ ધર્મ પર પ્રતિકૂળ અસર પડશે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશની સર્વોચ્ચ અદાલતે ગયા અઠવાડિયે અવલોકન કર્યું કે જો મંદિરો અને "મઠ" કોઈ ધર્મમાં સંપ્રદાય અને અલગ સંપ્રદાયોના આધારે પ્રવેશ પર પ્રતિબંધ મૂકે તો હિન્દુ ધર્મ પર પ્રતિકૂળ અસર પડશે અને સમાજ વિભાજિત થશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે વરિષ્ઠ વકીલ સી.એમ. વૈધનાથનની રજૂઆતનો જવાબ આપતા આ મૌખિક અવલોકનો કર્યા હતા કે બંધારણની કલમ ૨૬ (બી) ધાર્મિક સંપ્રદાયને તેના પોતાના કામકાજનું સંચાલન કરવાનો અધિકાર આપે છે. અને કલમ ૨૫(૨)(બી) પર પ્રાધાન્યતા ધરાવશે. જે રાજયને જાહેર પ્રકૃતિની તમામ હિન્દુ ધાર્મિક સંસ્થાઓ ખોલવાની સત્તા આપે છે.

કેરળ ના ઐતિહાસિક સબરીમાલા મંદિરના ભગવાન અયપ્પાના ભક્તો વતી વૈધનાથન કોર્ટમાં હાજર રહ્યા હતા. ન્યાયાધીશ બી.વી. નાગરત્ન, એમ.એમ. સુંદરેશ, અહસાનુદ્દીન અમાનુલ્લાહ, અરવિંદ કુમાર, ઓગસ્ટિન જ્યોર્જ મસીહ,પ્રસન્ના બી. વરાલે, આર. મહાદેવન અને જોયમલ્યા બાગચીનો સમાવેશ કરતી બેન્ચ સબરીમાલા મંદિર સહિત ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથેના ભેદભાવ અને બહુવિધ ધર્મો ધ્વારા પાળવામાં આવતી ધાર્મિક સ્વતંત્રતાના કાર્યક્ષેત્ર અને અવકાશ સંબંધીત અરજીઓની સુનાવણી કરી રહી છે.

જસ્ટિસ નાગરત્ને કહ્યું કે, રાજય કલમ ૨૫(૨)(બી) હેઠળ સમાજના તમામ વર્ગોને મંદિરોમાં પ્રવેશ સુનિશ્ચિત કરવા માટે દખલ કરી શકે છે. જસ્ટિસ કુમારે વૈધનાથનને એમ પણ કહ્યું કે તેથી જ અમે કહ્યું હતું કે દલીલને ખૂબ ઊંચી ન કરો. તેમના દલીલનો ઉલ્લેખ કરતાં કે કલમ ૨૬(બી) કલમ ૨૫(૨)(બી) ને રદ કરે છે.

આમ અન્ય લોકોને બાકાત રાખવામા આવશે તો તે હિન્દુ ધર્મ માટે સારું નથી. ધર્મ પર પ્રતિકૂળ અસર ન થવા દો. તે સંપ્રદાય માટે પ્રતિકૂળ રહેશે. ધર્મ માટે અનુકૂળ જ રહેવા દો.

"નામ મે ક્યાં રખ્ખા હૈ?"

# છોટુ કાલુ, શેરું જેવા નામો પર રાજસ્થાન સરકારનો પ્રતિબંધ?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

રાજસ્થાન સરકાર એવા વિદ્યાર્થીઓના નામોને સુધારવાનો પ્રયાસ કરે છે કે જેનો અર્થ એ છે કે, "છોટુ", "કાલું", "શેરું" અને આવા અનેક નામો હવે રાજસ્થાનના વર્ગખંડોમાં વાપરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. હા ભારતમાં નાના બાળકોને આપવામાં આવતા સામાન્ય "પાલતુ પ્રાણીઓના નામ" હવે રાજસ્થાન ની સરકારી શાળાઓમાં માન્ય રહેશે નહીં. આ હાંસલ કરવા માટે રાજય સરકારે " સાર્થક નામ અભિયાન" (અર્થ પૂર્ણ નામ અભિયાન) શરૂ કર્યું છે. આ વિભાગનો અંદાજ છે કે, સરકારી અને ખાનગી શાળાઓમા આવા ૨૦૦૦ થી ૩૦૦૦ કેસ છે.

સરકારે દાવો કર્યો છે કે, આ પહેલ અયોગ્ય, અસ્પષ્ટ અથવા નકારાત્મક અર્થ ધરાવતા નામોને દૂર કરવા અને તેમને વધુ અર્થપૂર્ણ અને આદરણીય વિકલ્પો ધરાવતા નામોથી બદલવા માટે શરૂ કરવામાં આવી છે. સરકારના મતે કાજોદમલ, શેરું, કાલું, ટિંકુ ને સમાન પરંપરાગત નામોને "કૃષ્ણ", "અથર્વ", "આરવ" અને "અખંડ" જેવા અન્ય આદરણીય નામોથી બદલવા જોઈએ. સ્થાનિક પહેલ સમુદાયોમાં સામાજિક વર્તનને કેવી રીતે અસર કરે છે?

મધ્યપ્રદેશના ગામડામાં થયેલી સ્થાનિક પહેલ, સામાજિક વર્તનને નોંધપાત્ર રીતે બદલી શકે છે. અપશબ્દો સામે નિયમો લાગુ કરીને અને રાષ્ટ્રગીત ગાવા જેવી સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ ધ્વારા આદરને પ્રોત્સાહન આપીને આ પહેલો વધુ આદરણીય અને સુમેળભર્યા સમુદાય વાતાવરણને પ્રોત્સાહન આપે છે. આવા ફેરફારો માત્ર જાહેર આચરણમાં સુધારો કરતાં નથી. પરંતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોને પણ સશકત બનાવે છે. જેનાથી એકંદર સમુદાયની સુખાકારીમાં વધારો થાય છે. મંત્રીએ કહ્યું કે સત્તાવાર રેકોર્ડમાંથી જાતિ આધારિત અથવા અપમાનજનક શબ્દોને દૂર કરવાની તાત્કાલિક જરૂર છે.

# ચુંટણીના દિવસે મતદાનની ફરજ બજાવનાર સ્ટાફ ને બીજે દિવસે સોમવારે જાહેર રજા પરંતુ કચેરીએ નહી આવે તો પણ ઓન ડયુટી ગણાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનુ મતદાન ૨૬ એપ્રિલને રવિવારે યોજાનાર છે. આ દિવસે લાંબા સમય સુધી ફરજ બજાવનારો સ્ટાફ જો બીજા દિવસે કચેરીએ હાજર ન રહી શકે તો તેમને ફરજ પર જ ગણવા સુચના જારી કરવામાં આવી છે.

રાજય ચુંટણી આયોગના સચિવ આર જી ગોહિલ દ્વારા શહેર/ જિલ્લા / મ્યુનિસીપલ તેમજ જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરોને સુચના જારી કરવામાં આવી છે. જેમાં જણાવાયુ છે કે ચુંટણી મતદાનની તારીખ ૨૬ મી એપ્રિલ અને પુનઃ મતદાન કરવાની જરૂરીયાત ઉભી થાય તો ૨૭ મી એપ્રિલને સોમવારે તેમજ મતગણતરી ૨૮ મી એપ્રિલને મંગળવારે યોજવામાં આવશે. મતદાનના દિવસે ચુંટણી ફરજ પરના કર્મચારીઓ મતદાન પુરૂ થયા બાદ રીસીવીંગ સેન્ટર ઉપર મોડી રાત્રે અથવા તો જો વધુ અંતર હોય તો બીજા દિવસે વહેલી પરોઢે મતદાન સામગ્રી પરત સોંપવા પહોચતા હોય છે. કેટલાક કિસ્સામાં મતદાન ટુકડીઓને તબકકાવાર રીસીવીંગ સેન્ટર પર પહોચતા વિલંબ થતો હોય છે. આમ ચુંટણી સ્ટાફ લાંબા સમયગાળા સુધી ફરજ પર હોવાથી મતદાનના બીજા દિવસે તેમને કચેરીમાં હાજરી આપવામાં મુશ્કેલી થતી હોય છે.

આથી જો આવા કર્મચારીઓ મુળ કચેરીએ હાજર ન રહી શકે તો આ દિવસને ફરજ પરની તેમની હાજરી ગણવાની રહેશે અને તેઓએ મુળ કચેરી ખાતે હાજર થવાનુ રહેશે નહી. જયાં પુનઃ મતદાન યોજાય તેવા કિસ્સામાં પણ મતદાનના બીજા દિવસે જો ચાલુ દિવસ હોય તો પણ ચુંટણી સ્ટાફને ફરજ પર ગણવાના રહેશે તેવી સુચનામાં જણાવાયુ છે.

## ૨૦૨૩ માં પસાર થયેલુ મહિલા અનામત બીલ ની અમલવારી કરાવો : મુકુલ વાસનિક

# મહિલા અનામત બીલના નામે રાજકીય લાભ લેવા અને દેશનુ ધ્યાન ભટકાવવાનો પ્રયાસ : અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



વડોદરામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે એક તરફ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ છે. તો બીજી તરફ દેશની સામાન્ય પ્રજા મોંઘવારી, બેરોજગારી અને આર્થિક મુશ્કેલીઓથી ત્રસ્ત બની ગઈ છે. આવી ગંભીર પરિસ્થિતિ વચ્ચે સરકાર મુળ પ્રશ્નોનો ઉકેલ લાવવાના બદલે મહિલા અનામત બીલના નામે રાજકીય લાભ લેવા અને દેશનુ ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહી છે.

અખીલ ભારતીય કોંગ્રેસ સમિતિના વરીષ્ઠ મહામંત્રી, ગુજરાત કોંગ્રેસના પ્રભારી અને સાંસદ મુકુલ વાસનિકે જણાવ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટી સ્પષ્ટપણે કહે છે કે મહિલાઓના સશકિતકરણ માટેનો સાચો ઐતિહાસિક અને પ્રગતિશીલ પ્રયાસ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. સરોજીની નાયડુ ને ૧૯૨૫ માં કોંગ્રેસના અધ્યક્ષ બનાવવાથી લઈને રાજીવ ગાંધીના નેતૃત્વમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની શરૂઆત કરવી, તેમજ બાદમાં અનેક રાજયોમાં તેને ૫૦ ટકા સુધી વધારવામાં કોંગ્રેસની વિચારધારા અને પ્રતિબધ્ધતા સ્પષ્ટ થાય છે. સાંસદ મુકુલ વાસનિકે વધુમાં જણાવ્યુ હતુ કે મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં પણ યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે કોંગ્રેસ સતત સમર્થન આપતી હોય છે. પરંતુ મહિલા અનામત બીલના નામે રાજકીય ફાયદો મેળવવાનો પ્રયાસ અને તેનો અમલ ટાળવાની નીતિ સામે કોંગ્રેસે સ્પષ્ટ માંગણી કરી છે કે ૨૦૨૩ માં પસાર થયેલા બીલને તાત્કાલીક અમલ કરવામાં આવે અને તેમાં એસસી, એસટી અને ઓબીસી વર્ગ ની મહિલાઓને પણ યોગ્ય અનામત આપવામાં આવે, જેથી સાચા અર્થમાં મહિલા સશકિતકરણ શકય બને.

અમિત ચાવડાએ વધુમાં જણાવ્યુ હતુ કે મહિલા સશકિતકરણ અને નારી સન્માનની સાચી અને ઐતિહાસિક શરૂઆત ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે કરી છે. ૧૯૨૫ માં સરોજીની નાયડુ ને કોંગ્રેસના અધ્યક્ષ તરીકે પસંદ કરી મહિલાઓને રાજકીય નેતૃત્વમાં સ્થાન આપવાની પરંપરા કોંગ્રેસે શરૂ કરી, ત્યારબાદ દેશને પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે ઈન્દીરા ગાંધીનુ મજબુત નેતૃત્વ મળ્યુ અને પ્રતિભા પાટીલ દેશની પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા, સ્વર્ગસ્થ રાજીવ ગાંધીજીના દુરંદેશી વિચારોના કારણે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત મળ્યુ, જેના પરીણામે લાખો મહિલાઓ રાજકીય નેતૃત્વમાં આગળ આવી અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભાગીદાર બની કોંગ્રેસ પાર્ટીનુ સ્પષ્ટ અને અડગ મંતવ્ય છે કે ૨૦૨૩ માં પાર્લામેન્ટમાં પસાર થયેલ મહિલા અનામત બીલ નો તાત્કાલીક અમલ થવો જોઈએ. કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પક્ષો મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવા માટે એક જુટ થયા છે. પરંતુ ભાજપ સરકારે સીમાંકન અને સીટ વધારાના રાજકીય એજન્ડા સાથે આ મહત્વપૂર્ણ મુદ્દાને ગુંચવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસ પાર્ટી સ્પષ્ટપણે માંગ કરે છે કે એસસી, એસટી અને ઓબીસી વર્ગ ની મહિલાઓને પણ યોગ્ય અનામત મળે અને મહિલાઓને તેમના અધિકાર, સન્માન અને સમાન ભાગીદારી મળવા માટે કોંગ્રેસની લડત પહેલા પણ હતી.

# કોંગ્રેસ જીતી તો રૂપિયોય ગ્રાન્ટ નહી મળે: આણંદના સાંસદ મિતેશ પટેલનુ વિવાદાસ્પદ નિવેદન

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પડઘમ વાગ્યા છે અને રાજકીય પક્ષો વચ્ચે રસ્સાખેંચ અને મતદારોને આકર્ષવાની કવાયત તીવ્ર બની છે. સત્તાધારી પક્ષ ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી બધા જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે.

આણંદ જેવા આણંદમાં પણ રાજકીય પ્રચારનો ગરમાવો જાણે હાલની ગરમીને આંટી મારી દે તેવો બની ગયો છે. આણંદના સાંસદ મિતેશ પટેલે હવે જાણે મતદારોને ધમકી આપતા હોય તે ભાષામાં જણાવ્યુ હતુ કે ભુલ થી પણ કોંગ્રેસ જીતી તો રૂપિયોય ગ્રાન્ટ નહી મળે, સાંસદ મિતેશ પટેલે આંકલાવ ખાતે આયોજીત જાહેરસભામાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં ગ્રાન્ટ ફાળવવાને લઈને કરેલી ટીપ્પણીએ ગુજરાતના રાજકારણને હચમચાવી નાખ્યુ છે. ચુંટણીમાં અત્યાર સુધીમાં રાજકીય પક્ષો એકબીજા સામે આક્ષેપો કરતા હતા, ઉમેદવારોને તોડતા હતા અને ધાકધમકી આપતા હતા. હવે તેઓ મતદારોને પણ ધમકાવવા ઉતરી આવ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે જો આંકલાવ વિસ્તારની અંદર જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયતની એકપણ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર જીતશે તો આ વિસ્તારે વિકાસ ભુલી જવો પડશે, વિકાસ માટે કોઈ ગ્રાન્ટ જ નહી મળે, મિતેશ પટેલે આ વાત કયાંય ચોરી છુપી થી કરી ન હતી, ખુલ્લા મંચ પરથી કરેલા ભાષણમાં જણાવ્યુ હતુ કે જિલ્લા અને તાલુકા પંચાયતમાં વિપક્ષ જીતશે તો ત્યાં વિકાસના કાર્યો માટે રૂપિયા જ નહી અપાય, રૂપિયો પણ નહી મળે,

ભાજપના આ સાંસદના નિવેદન સામે કોંગ્રેસે પણ વળતો પ્રહાર કર્યો છે. કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ જણાવ્યુ હતુ કે એક સાંસદની વાત તે સીધી રીતે બંધારણનો પણ ભંગ છે અને પ્રજાના અધિકારોનો ભંગ છે, આ પ્રકારનુ નિવેદન સીધી તુમાખીજ કહેવાય, આણંદની પ્રજા આ પ્રકારના નિવેદનથી ડરે તેમ નથી. તેઓ તો જે તે વિસ્તારમાં જે મુજબ કામ થયુ હશે તે મુજબ મત આપશે,

# પાટણમાં ભાજપ નેતાનો બેફામ વાણી વિલાસ કહ્યું કે કોંગ્રેસના ઉમેદવારો છે ઘોડા જેવા પણ મહોરૂ ગધેડાનુ પહેર્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર




પાટણ નગરપાલિકાની ચુંટણીના પ્રચારમાં રાજકીય ગરમાવો આવ્યો છે. પાટણ નગરપાલિકાની વોર્ડ નં. ૨ ના ચુંટણી કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે ભાજપ ડોકટર સેલના સભ્ય ડોકટર સેવંતીલાલ પટેલે બેફામ નિવેદન આપતા વિવાદ સર્જાયો છે.

તેમણે કોંગ્રેસના ઉમેદવારો પર પ્રહાર કરતા કહ્યું હતુ કે ઉમેદવારો ઘોડા જેવા છે. પણ મહોરૂ ગધેડાનુ પહેર્યુ છે.

# ઓફીસ જવા-આવવાનો રસ્તો પણ હવે ઓન ડયુટી ગણાશે : અકસ્માતમાં મોત થાય તો તે ફરજ પર ગણાશેઃ ગુજરાત હાઈકોર્ટ નો ઐતિહાસિક ચુકાદો

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત હાઈકોર્ટે રાજયના લાખો ખાનગી અને સરકારી કર્મચારીઓના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને સીમા ચિન્હરૂપ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે નેશનલ એકસ્ટેન્શન ઓફ એમ્પ્લોયમેન્ટ (રોજગારના સૈધ્ધાંતિક વિસ્તરણ) ના સિધ્ધાંતને પ્રાધાન્ય આપતા ઠરાવ્યુ છે કે જો કોઈ કર્મચારીનુ ઓફીસ પહોચતા પહેલા અથવા કામ પુરૂ કરીને ઘરે પરત ફરતી વખતે અકસ્માતમાં મૃત્યુ થાય તો તેને ચાલુ ફરજ દરમિયાન થયેલુ મૃત્યુ જ માનવામાં આવશે.

આ ચુકાદાને પગલે હવે કર્મચારીના પરીવારજનો વળતર અધિનિયમ હેઠળ આર્થિક સહાય મેળવવા માટે હક્કદાર બનશે. જસ્ટીસ જે સી દોશી એ આ કેસની સુનાવણી દરમિયાન સ્પષ્ટ કર્યુ હતુ કે નોકરી પર જવા કે ત્યાંથી પરત આવવા વચ્ચેનો સમયગાળો એ રોજગારનો જ એક અભિન્ન ભાગ છે. આ આદેશથી વિમા કંપનીઓની એ દલીલનો અંત આવ્યો છે. જેમાં તેઓ અકસ્માત ઓફીસની બહાર થયો હોવાનુ કહી વળતર ચુકવવાથી હાથ ઉંચા કરી દેતી હતી. હાઈકોર્ટે વિમા કંપનીની અપીલને ફગાવીને માનવીય અભિગમ સાથે કામદારોના પક્ષમાં મોટો નિર્ણય સંભાળાવ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ વર્ષ ૨૦૦૨ માં સુરતની સાલાસર પોલીટેકસ પ્રા.લી. માં ડીલીવરી કલાર્ક તરીકે ફરજ બજાવતા વિજયકુમાર વાંકાલાનુ નોકરી પુરી કરીને ઘરે પરત ફરતી વખતે માર્ગ અકસ્માતમાં મોત થયુ હતું. વર્ષ ૨૦૦૬ માં વર્કમેન કમિશ્નરે મૃતકના પરીવારને વ્યાજ અને પેનલ્ટી સાથે વળતર ચુકવવા વિમા કંપનીને આદેશ આપ્યો હતો. જો કે વિમા કંપનીએ આ હુકમ સામે હાઈકોર્ટમાં અપીલ કરી હતી કે અકસ્માત સમયે કર્મચારી ફરજ પર ન હતો. પરંતુ હાઈકોર્ટે વિમા કંપનીની આ દલીલોને ધરાર ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટે આ ચુકાદો આપતી વખતે સુપ્રિમ કોર્ટના વિવિધ ચુકાદાઓને ટાંકયા હતા, જેમાં કર્મચારી જયારે ઘર થી નોકરી માટે નિકળે છે ત્યારે જ તેની રોજગારી શરૂ થઈ જાય છે અને જયાં સુધી તે ઘરે પરત ન ફરે ત્યાં સુધી તે તેના કામનો જ ભાગ ગણાય છે. વિમા કંપનીને માત્ર એટલા માટે વળતર નકારી શકે નહી કે અકસ્માત ફેકટરી કે ઓફીસના પ્રિમાઈસીસ ની બહાર થયો છે. વિમા કંપની માત્ર એટલા માટે વળતર નકારી શકે નહી કે અકસ્માત ફેકટરી કે ઓફીસના પ્રિમાઈસીસ ની બહાર થયો છે. હાઈકોર્ટે આદેશ આપ્યો છે કે જમા થયેલી વળતરની રકમ યોગ્ય તપાસ બાદ મૃતકના વારસદારોને તાત્કાલીક અસરથી ચુકવી દેવામાં આવે. અત્યાર સુધી અનેક કિસ્સાઓમાં વિમા કંપનીઓ ઓન ડયુટીના સાંકડા અર્થઘટનને કારણે વળતર ચુકવવામાં વિલંબ કરતી હતી. અથવા મનાઈ કરતી હતી. ગુજરાત હાઈકોર્ટના આ સ્પષ્ટ મંતવ્ય બાદ હવે માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનાર કર્મચારીઓના પરીવારોને કાનુની રક્ષણ મળશે. આ ચુકાદો કર્મચારી વળતર અધિનિયમ, ૧૯૨૩ ના અમલીકરણમાં એક નવી દિશા બતાવશે અને લાંબા સમયથી લટકતા કેસોમાં માર્ગદર્શક સાબિત થશે.

# શિક્ષણના ધામમાં દારૂની બદી : અરવલ્લી જિલ્લામાં ચાલુ શાળાએ નશામાં ધુત શિક્ષક ઝડપાતા ચકચાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



અરવલ્લી જિલ્લાના મોડાસામાં વિદ્યા ના ધામને કલંકીત કરતી એક શરમજનક ઘટના બહાર આવી છે. મોડાસાની અમલાઈ જુથ પ્રાથમિક શાળામાં એક શિક્ષક નશાની હાલતમાં ફરજ બજાવતા રંગે હાથ ઝડપાયા છે. જે શિક્ષકના ખભે બાળકોનુ ભવિષ્ય ઘડવાની જવાબદારી છે. તે જ શિક્ષક દારૂ પી ને કલાસ રૂમમાં બેઠા હોવાનુ બહાર આવતા વાલીઓ અને શિક્ષણ જગતમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ ઘટનાએ ફરી એકવાર શાળાઓમાં શિક્ષકોની નૈતિકતા અને શિસ્ત સામે મોટા સવાલો ઉભા કર્યા છે. મોડાસાની અમલાઈ જુથ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ માં ફરજ બજાવતા શિક્ષક યશવંત કડીયા આજે ચાલુ શાળાએ નશાની હાલતમાં જોવા મળ્યા હતા. નવાઈની વાત તો એ છે કે નિર્દોષ ભુલકાઓને ભણાવવાને બદલે આ શિક્ષક દારૂના નશામાં ધુત થઈને કલાસ રૂમમાં જ બેસી રહ્યા હતા. નાના બાળકો સામે જ એક શિક્ષકનુ આવુ ગેરવર્તન જોઈને અન્ય સ્ટાફ પણ સ્તબ્ધ થઈ ગયો હતો. શિક્ષકની આવી હાલત જોઈને શાળાના અન્ય જાગૃત શિક્ષકોએ જરા પણ સંકોચ રાખ્યા વગર કડક પગલુ ભર્યુ હતું. યશવંત કડીયાની હાલત જોઈ અન્ય શિક્ષકોએ તાત્કાલીક મોડાસા રૂરલ પોલીસને જાણ કરી હતી. પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોચી તપાસ કરતા શિક્ષક ખરેખર નશાની હાલતમાં મળી આવ્યા હતા. સાથી કર્મચારીઓ દ્વારા જ આ પ્રકારની પોલ ખોલવામાં આવતા સમગ્ર પંથકમાં આ કિસ્સો ચર્ચાનો વિષય બન્યો છે.

મોડાસા રૂરલ પોલીસે નશામાં ધુત શિક્ષક યશવંત કડીયાની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે શિક્ષકનુ બ્લડ સેમ્પલ લઈને તેને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલી આપ્યુ છે.

દારૂબંધીના કાયદા હેઠળ ગુન્હો નોંધીને પોલીસ હવે કાયદેસરની કાર્યવાહી કરી રહી છે. પોલીસની આ ત્વરીત કાર્યવાહીને કારણે અન્ય ગુલ્લીબાજ અને બેજવાબદાર શિક્ષકોમાં પણ ફફડાટ વ્યાપી ઉઠયો છે. આ ઘટનાની જાણ થતા જ જિલ્લા શિક્ષણ વિભાગમાં પણ દોડધામ મચી જવા પામી હતી. પ્રાથમિક તપાસ બાદ આ શિક્ષક સામે ખાતાકીય તપાસ પણ શરૂ કરવામાં આવશે તેવુ મનાઈ રહ્યુ છે. બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરનાર અને શાળાની ગરીમાને ઠેસ પહોચાડનાર આવા શિક્ષકને સસ્પેન્ડ કરવામાં આવે તેવી માંગ વાલીઓ દ્વારા ઉઠી છે.

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને ઈડર માં બળવો કરનાર ભાજપના ૧૦ જેટલા કાર્યકરોને સસ્પેન્ડ કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર




સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ સાબરકાંઠા જિલ્લા ભાજપમાં ચાલી રહેલો આંતરીક અસંતોષ સપાટી પર આવ્યો છે. પક્ષના અધિકૃત ઉમેદવારો સામે અપક્ષ તરીકે મેદાનમાં ઉતરેલા બળવાખોરો વિરૂધ્ધ જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે લાલ આંખ કરી છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ હિંમતનગર એ ઈડર નગરપાલિકાના કુલ ૧૦ કાર્યકરોને તાત્કાલીક અસર થી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ દ્વારા લેવાયેલી આ કાર્યવાહીમાં ઈડર નગરપાલિકાના વોર્ડ નં. ૧ અને ૨ તેમજ ૭ માં પક્ષના આદેશનુ ઉલ્લંઘન કરનાર ઉમેદવારોનો સમાવેશ થાય છે. તેવી જ રીતે હિંમતનગર નગરપાલિકાના વોર્ડ નં. ૬ માં પણ પક્ષ સામે બળવો કરી ઉમેદવારી નોંધાવનાર કાર્યકરો વિરૂધ્ધ શિસ્તભંગના પગલા ભરાયા છે. આ કડક કાર્યવાહીથી જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે. પક્ષમાંથી સસ્પેન્ડ કરાયેલા બળવાખોર નેતાઓમાં (૧) જયસિંહ તંવર (૨) દિપક ભાટી અને પારૂલ કોઠારીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રદિપકુમાર શાહ, હિંમતસિંહ વણજારા, મનિષા પંડયા અને ફીરોજબાનુ બલોચ ને પણ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. સંજય ભોઈ, કેવલ દોશી અને રમીલાબેન પટેલ સામે પણ પક્ષે આકરૂ વલણ અપનાવ્યુ છે. ભાજપે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ચુંટણી ટાંણે શિસ્તભંગ સહેજપણ ચલાવી લેવામાં આવશે નહી.